Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 223 Dt.30-06-2022 (Thursday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001



### આજે બપોરે પછી ફડણવીસ અને શિંદે ગવર્નર કોશિયારીને મળશે, સરકાર રચવાનો દાવો રજુ કરે તેવી શક્યતા

# નવા મુખ્યમંત્રી ફડણવીસ, ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદે

### સાંજે ૭ વાગ્યે રાજભવનમાં યોજાશે શપથવિધિ સમારંભઃ

### મહારાષ્ટ્રનાં રાજકારણમાં જોરદાર વળાંક, ફરી ભાજપની સરકાર

**(એજન્સી સમાચાર)**

મુંબઈ, તા.૩૦

મહારાષ્ટ્રમાં આખરે ફરીવાર ભાજપની સરકાર રચાવાનો તખ્તો ગોઠવાઈ ગયો છે. ભાજપનાં અગ્રણી નેતા દેવેન્દ્ર ફડણવીસ આજે સાંજે ૭ વાગ્યે જ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરશે. જયારે શિવસેનાનાં બળવાખોર જૂથનાં નેતા એકનાથ શિંદે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે તેવું બપોર બાદ સતાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. આજે ગુરૂવારે સાંજે ૭ વાગ્યે રાજભવનમાં ફડણવીસ અને શિંદેની શપથવિધિનો કાર્યક્રમ સાદગીથી યોજાશે.

અગાઉ એવું નક્કી થયું હતું કે, આવતીકાલે ફડણવીસ અને શિંદે બંને શપથ લેશે. પરંતુ આજે બાગીનેતા એકનાથ શિંદે સવારે જ ગોવાથી મુંબઈ આવી પહોંચ્યા અને સીધા ફડણવીસને મળવા દોડી ગયા હતા. બંને આગેવાનોએ ગવર્નર ભગતસિંઘ કોશિયારીને મળી સરકારની રચના અંગે વિધિવત દાવો રજૂ કર્યો હતો. જયારે શિંદેએ એમના જૂથનાં ૪૯ જૂથનાં સભ્યોનાં સમર્થનનો પત્ર ગવર્નરને સુપ્રદ કર્યો હતો. આ રીતે મહારાષ્ટ્રનાં રાજકારણમાં અઢી વર્ષનાં ગાળા બાદ ભાજપ ફરીથી સતાની ગાદી હાંસલ કરવામાં સફળ થયો છે અને ફડણવીસ બીજીવખત મહારાષ્ટ્રની ધૂણા સંભાળી રહ્યા છે.

ગઈકાલે ફ્લોર ટેસ્ટ અટકાવવા માટે શિવસેનાએ કરેલી અરજી સુપ્રીમ કોર્ટે નકારી કાઢી હતી. એટલે ગઈકાલે રાત્રે જ ઉધ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદેથી ઉપરાંત વિધાન પરિષદનાં સભ્ય પદેથી પણ રાજીનામું આપવાની ફેસબુક પરના લાઈવ પ્રવચનમાં જાહેરાત કરી દીધી હતી. ત્યારથી જ ભાજપ અને શિંદે જૂથની સરકાર રચાવાનો માર્ગ મોકળો થઇ ગયો હતો.

દરમ્યાન બળવાખોર નેતા એકનાથ શિંદેને મુંબઈ પહોંચતા જ કેન્દ્ર સરકારે ઝેડ કેટેગરી સુરક્ષા પ્રદાન કરી દીધી હતી. આજે શિંદે એકલા મુંબઈ આવ્યા છે. બાગી ધારાસભ્યો હજુ ગોવામાં છે. બાગી ધારાસભ્યો આવતીકાલે મુંબઈ પહોંચે તેવી શક્યતા છે. આ રાજકીય ઘટનાક્રમ પહેલા આજે દિવસભર થયેલી રાજકીય ગતિવિધિઓની ઝલક નીચે મુજબ છે.



**શિવસેનાનાં બાગીજૂથનાં નેતા એકનાથ શિંદે મુંબઈ પહોંચી સીધા ફડણવીસને મળ્યા**

શિંદે એમના જૂથમાં ભાજપને ટેકાનો પત્ર ગવર્નર સમક્ષ રજુ કરી શકે છે. ભાજપે સમર્થનના આ પત્ર પર શિંદે સહિત ૪૯ ધારાસભ્યોએ સહી કરી હોવાનું જાણવા મળ્યું છે. રાજ્યપાલ વિધાનસભાના સૌથી મોટા પક્ષ તરીકે ભાજપને સરકાર રચવાનું આમંત્રણ આપી શકે છે. એ પછી ફડણવીસે ભાજપ સરકારની બહુમતી પુરવાર કરવા વિધાનસભામાં ફ્લોર ટેસ્ટની અગ્નિ પરીક્ષા આપવી પડશે.

ભાજપ સરકાર બહુમતી પુરવાર કરવા માટે વિધાનસભામાં ફ્લોર ટેસ્ટનો સામનો કરે ત્યારે

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ સહિત ગુજરાતના પાંચ શહેરોમાં રમાશે નેશનલ ગેમ્સ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈઓએ) અને રમત-ગમત મંત્રાલયે સાત વર્ષ બાદ નેશનલ ગેમ્સના આયોજન માટે કમર કસી લીધી છે. આ નેશનલ ગેમ્સ ગુજરાતના પાંચ શહેરોમાં આયોજિત કરવામાં આવશે. ટૂર્નામેન્ટનું ઉદઘાટન અને સમાપન સમારોહ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં થશે. અત્યારે આ રમતોત્સવ ૧૦થી ૨૫ સપ્ટેમ્બર વચ્ચે યોજવાની તૈયારી ચાલી રહી છે. ખેલાડીઓ માટે અત્યંત મહત્ત્વની ગણાતી આ ટૂર્નામેન્ટ ગુજરાત સરકારના સહયોગથી અમદાવાદ, રાજકોટ, સુરત, ભાવનગર અને વડોદરામાં આયોજિત કરવામાં આવશે.

રાષ્ટ્રીય રમતોના આયોજનની સંભાવનાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે રમત મંત્રાલય અને 'સાઈ'ની ટીમ અત્યારે ગુજરાતમાં જ છે. સરકાર તરફથી રમાડવામાં આવી રહેલી નખેલો ઈન્ડિયાથ ટૂર્નામેન્ટને ધ્યાનમાં રાખી આઈઓએએ રમત-ગમત મંત્રાલયને સપ્ટેમ્બરમાં નેશનલ ગેમ્સનું આયોજન કરવાનો પ્રસ્તાવ આપ્યો છે જેનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે.

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ઉપરાંત અન્ય

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાષ્ટ્રપતિની ચૂંટણી માટે કુલ ૧૧૫ નોમિનેશન

### ફાઈલ ૨૮ ચકાસણી પહેલા જ નામંજૂરઃ રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૮ જુલાઈના રોજ યોજાશે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૩૦

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે નોમિનેશનની છેલ્લી તારીખ ગઇ કાલે પૂરી થઈ. અંતિમ દિવસ એટલે કે ૨૯ જૂન સુધી કુલ ૧૧૫ ઉમેદવારીપત્રો ભરાયા હતા. તેમાંથી ૮૭ નામાંકન ચકાસણી માટે બાકી છે. આ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, કુલ ૧૧૫ ઉમેદવારીપત્રોમાંથી ૨૮ ઉમેદવારોના નામ સાથે મતદાર યાદી રજૂ ન કરવાને કારણે નામંજૂર કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે બાકીના ૮૭ નોમિનેશન ૭૨ ઉમેદવારોના છે જેની ગુરુવારે ચકાસણી કરવામાં આવશે.

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ના ઉમેદવાર દ્રૌપદી મુર્મુ અને સંયુક્ત વિરોધ પક્ષના યશવંત સિંહા ઉમેદવારી પત્રો ભરનારાઓમાં સામેલ છે. ચૂંટણીમાં દ્રૌપદી મુર્મુ અને યશવંત સિંહા મુખ્ય ઉમેદવાર છે. તેમના સિવાય ઘણા સામાન્ય લોકોએ પણ દેશના સર્વોચ્ચ બંધારણીય પદ માટે ઉમેદવારી નોંધાવી છે.

# ભારતની અર્થ વ્યવસ્થાની ગતિથી વિશ્વ પ્રભાવિતઃ મોદી



### એમએસએમઈ સેક્ટરને વધુ મજબુત બનાવવા પગલા લેવાઈ રહ્યા છે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના એમએસએમઈ સેક્ટરને વધુ સશક્ત બનાવવા પર ભાર મુક્યો હતો અને જણાવ્યું હતું કે, એમએસએમઈને કારણે વિદેશ પર ભારતની નિર્ભરતા ઓછી થઇ ગઈ છે. ભારતની અર્થ વ્યવસ્થાની ગતિથી વિશ્વ પ્રભાવિત થયું છે.

ઉદ્યમી ભારત કાર્યક્રમમાં સંબોધન કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, એમએસએમઈ સેક્ટર માટે નવી નીતિઓ બનાવવામાં આવી રહી છે. આ સેક્ટરની મદદ કરવા સરકાર અનેક પગલા લઇ રહી છે.

વડાપ્રધાને ઉમેર્યું હતું કે, આજે એમએસએમઈ સેક્ટર સાથે ૧૧ કરોડથી વધુ લોકો જોડાયેલા છે. એટલે આ સેક્ટર મેક્રોઈકોનોમી માટે પણ અત્યંત જરૂરી છે. તેને વધુ સશક્ત બનાવવા નવી નીતિઓ બનાવવામાં આવી રહી છે અને મદદ કરવાના અનેક પગલા સરકાર લઇ રહી છે.(૨.૧૨)

# દેશમાં રૂ.૨૫૧૬ કરોડના ખર્ચે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરાશે

### મોદી સરકારે યોજનાની મંજૂરી આપી, ૧૩ કરોડ ખેડૂતોને લાભ થશે

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની આર્થિક બાબતોની સમિતિએ દેશની તમામ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરવાની યોજનાને લીલીઝંડી આપી છે. આ પ્રોજેક્ટ માટે ભારત સરકારના રૂ.૧૫૨૮ કરોડનાં હિસ્સા સાથે કુલ અંદાજ પત્રીય ખર્ચ રૂ.૨૫૧૬ કરોડ જેટલો થશે. પાંચ વર્ષનાં ગાળામાં આશરે ૬૩ હજાર પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનું કોમ્પ્યુટરાઈઝેશન થશે.

આ મંડળીઓમાં લગભગ ૧૩ કરોડ જેટલા ખેડૂતો સભ્ય છે. જે મોટાભાગનાં નાના અને સીમાંત ખેડૂતો છે. આ નિર્ણય પાછળનો ઉદ્દેશ્ય મંડળીઓની પારદર્શકતા અને કાર્યક્ષમતા વધારવાનો, જવાબદારી લાવવાનો અને મંડળીઓને એમના વ્યવસાયમાં વિવિધતા લાવવાની સુવિધા અને સેવાઓ આપવાનો છે. આ યોજનાથી મંડળીઓને પંચાયત સ્તરે નોડલ ડિલીવરી સર્વિસ પોઈન્ટ બનવામાં મદદ મળશે.

દેશમાં હજુ ઘણીબધી આવી મંડળીઓ આધુનિક બની નથી અને મેન્યુઅલી કામ કરે છે. જેથી એમની કામગીરીમાં ખેડૂતોમાં પુરતો ભરોસો બેસતો નથી. હવે કેન્દ્રના સહકારિતામંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ દેશભરની મંડળીઓને આધુનિક ટેકનોલોજીથી એક સમાન પ્લેટફોર્મ પર લાવવાની તેમજ તેમની રોજીંદી કામગીરી માટે કોમન એકાઉન્ટીંગ સિસ્ટમ ઉભી કરવામાં મદદ મળશે. વિવિધ સેવાઓ તથા ખાતર, બિયારણ વગેરે જેવી કાચી સામગ્રીની જોગવાઈ માટે મંડળીઓ ડિલીવરી પોઈન્ટ બનશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# કાલથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણીની અંતિમ ટેસ્ટ

### ભારત ૨-૧થી આગળ છેઃ ભારત છેલ્લી ટેસ્ટ જીતીને શ્રેણી જીતવા આશાવાદી

મુંબઇઃ કાલથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એજબેસ્ટન ખાતે શ્રેણીની ૫ મી ટેસ્ટ રમાશે. અગાઉ ભારતે ૨-૧થી શ્રેણી કોરોનાને કારણે સ્થગિત કરવામાં આવી હતી. જે શ્રેણીનો હવે નિર્ણાયક ટેસ્ટ આવતીકાલે રમાશે. ઈંગ્લેન્ડની ટીમે તાજેતરમાં ઘરઆંગણે ન્યુઝીલેન્ડને ૩-૦થી પરાજીત કરીને ભારત સામેની એકમાત્ર ટેસ્ટમાં તે ટીમનો કેવો અભિગમ રહેશે તે બતાવી આપ્યું છે. બેન સ્ટોકસના નેતૃત્વમાં સમગ્ર ટીમ જબરદસ્ત દેખાવ કરી રહી છે. ભારતીય ટીમ હાલ શ્રેણીમાં ૨-૧થી આગળ છે. ગયા વર્ષે ભારતીય ટીમમાં કોરોનાની પરિસ્થિતિ સર્જાતા પાંચ મેચોની ટેસ્ટ શ્રેણીની અંતિમ મેચ સ્થગિત કરાઇ હતી હવે જયારે ઈંગ્લેન્ડની ટીમે ન્યુઝીલેન્ડને ૩-૦થી ટેસ્ટ શ્રેણીમાં પરાજીત કર્યું છે. ત્યારે આ ટીમ ભારત સામે શ્રેષ્ઠ દેખાવ માટે આશાવાદી છે.




# જો વાહનોની ઝડપ પર નિયંત્રણ મુકાય તો દર વર્ષે ૨૦ હજાર લોકોના જીવ બચી શકે



### ભારતમાં ૨૦૨૪ સુધીમાં માર્ગ સુરક્ષા એક્શનથી માર્ગ અકસ્માતો અને જાનહાનીમાં ૫૦ ટકા ઘટાડો કરવાની ગડકરીની આશા

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૩૦

વિશ્વમાં માર્ગ અકસ્માતોને કારણે વર્ષે દહાડે ૧, ૩૧, ૭૧૪ માનવીનાં મોત થતા હોવાનું નોંધાય છે. એ પૈકીના ૯૧૨૩૯ મોત અથવા ૬૯.૩ ટકા મોત વાહનની ઝડપને કારણે થતા હોય છે. તેવું એક અહેવાલમાં બહાર આવ્યું છે. લાન્સેટનો નવો અભ્યાસ અહેવાલ જણાવે છે કે, જો ભારતમાં માત્ર વાહનોની ઝડપ નિયંત્રિત કરવામાં આવે તો દરવર્ષે ૨૦૫૫૪ માનવ જિંદગીઓ બચાવી શકાય તેમ છે. વિશ્વભરમાં દરવર્ષે સાડા ૧૩ લાખ જેટલા જીવલેણ માર્ગ અકસ્માતો થાય છે. વાહનોની બેકાબુ ઝડપ, નશાની હાલતમાં ડ્રાઈવિંગ તેમજ ક્રેશ હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગ વગર ડ્રાઈવિંગને કારણે અકસ્માતો થાય છે. જો આ નિયમોનું પાલન થાય તો ૨૫ થી ૪૦ ટકા અકસ્માતો અટકાવી શકાય.

ભારત સહિત ૧૮૫ દેશોમાં લાન્સેટ દ્વારા ખાસ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. અભ્યાસમાં માલુમ પડ્યું છે કે, વાહનોની ઝડપ પર કાબુ મુકવાથી ૨૦ હજાર ૫૫૪ માનવ જીવન બચાવી શકાય તેમ છે. ક્રેશ હેલ્મેટનાં ઉપયોગને ઉત્તેજન આપવાથી ૫૬૮૩ માનવ જિંદગી બચાવી શકાય. એ જ રીતે સીટબેલ્ટ બાંધવાની ફરજ પાડવાથી બીજા ૩૨૦૪ લોકોની જિંદગી બચાવી શકાય. ભારતમાં નશાની હાલતમાં ડ્રાઈવિંગ અંગેના આંકડા મળતા નથી. કેમકે અકસ્માતોના કિસ્સામાં જાનહાની કે ઈજાની નોંધણી વખતે નશા અંગે કોઈ ઉલ્લેખ થતો નથી એટલે ચોક્કસ આંકડા મળતા નથી. ૨૦૧૭ ની સાલમાં ભારતમાં માર્ગ અકસ્માતોથી ૨૧૮૮૭૬ જેટલા મોત થયાનું નોંધાયું છે. જયારે સરકારી આંકડો ૧૪૭૯૧૩ મોત થયાનું નોંધાયું છે. આ આંકડા કેન્દ્રનાં માર્ગ પરિવહન અને હાઈ-વે મંત્રાલયનાં છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# સુરત અને વલસાડમાં મુશળધાર વરસાદથી સર્વત્ર જળબંબાકાર



### વલસાડમાં ૬ ઈંચ, વરાછામાં દોઢ અને કતારગામમાં એક ઈંચ વરસાદ

**(એજન્સી સમાચાર)**

રાજકોટ, તા.૩૦

સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ક્યાંય પણ વરસાદનાં વાવળ નથી પરંતુ દક્ષિણ ગુજરાતમાં સુરત અને વલસાડમાં બે દિવસથી અવિરત મેઘકૃપા ચાલુ છે. વલસાડમાં જોરદાર અને મુશળધાર વરસાદ આજે પણ ચાલુ રહેતા ૬ ઈંચ પાણી ખાબકયું હતું. જયારે સુરતનાં વરાછામાં ધોધમાર દોઢ ઈંચ તથા કતારગામમાં એક ઈંચ પાણી પડયાનું નોંધાયું છે. ચારેતરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સુરતમાં કાચા સોના જેવા વરસાદથી ખેડૂતોને ભારે રાહત થઇ છે.

વલસાડમાં ભારે વરસાદની આગાહીને પગલે આજે વહેલી સવારથી મેઘરાજાએ જોરદાર આગમન કર્યું હતું. ધોધમાર વરસાદ શરૂ થઇ ગયો હતો. ૪ કલાકમાં ૬ ઈંચ પાણી પડી જતા રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ

(અનુ.પાના નં.૪ ઉપર)

**મોકાની ઓફીસ વેચવાની છે**

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી ક્લાસિફાઇડ

સાંધ્ય દૈનિક

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## તંત્રી સ્થાનેથી...

### ગુજરાત–સૌરાષ્ટ્રના જનસુખાકારી વિકાસ માટેના ૨૭ કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી મળી

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આંતરમાળખાકીય વિકાસ કામો માટે કુલ રૂ. ૧૯૧૭ કરોડ ફાળવવાની જોગવાઇ તાજેતરમાં જ સુનિશ્ચિત કરવામાં આવેલી છે. મુખ્યમંત્રી આ આઠ મહાનગરોમાં વસ્તીના ધોરણે આંતરમાળખાકીય વિકાસ કામો માટે ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ મારફતે જે રકમ આ રૂ. ૧૯૧૭ કરોડમાંથી ફાળવવાનું ઠરાવ્યું છે તેમાં અમદાવાદ મહાનગરપાલિકાને રૂ. ૭૧૦ કરોડ, સુરતને રૂ. ૫૮૦ કરોડ, વડોદરાને રૂ. ૨૧૮ કરોડ, રાજકોટને રૂ. ૧૭૨ કરોડ, ભાવનગર શહેરને રૂ. ૮૦ કરોડ, જામનગર માટે રૂ. ૭૬ કરોડ તેમજ જૂનાગઢને રૂ. ૪૦ કરોડ અને ગાંધીનગરને રૂ. ૪૧ કરોડ ફાળવવામાં આવશે.

રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા તથા ધ્રોલ નગરપાલિકાના વિવિધ વિકાસ કામો માટે રૂ. ૨૭ કરોડ ૩૧ લાખના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આના પરિણામે જૂનાગઢ મહાનગરપાલિકાને ૨૦૨૧-૨૨ના વર્ષ માટેના આંતરમાળખાકીય વિકાસના બાવન કામો માટે રૂ. ૨૩.૮૮ કરોડ ફાળવવામાં આવશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આ કામોમાં જૂનાગઢ શહેરમાં માર્ગોના ૨૭ કામો માટે રૂ. ૯,૨૩,૭૩,૭૫૭, ગટરના કામ માટે ૧૫ લાખ રૂપિયા, પાણી પૂરવઠાના કામો માટે ૨ કરોડ ૨૮ લાખ રૂપિયા, સ્ટ્રીટલાઇટના કામો હાથ ધરવા ૨ કરોડ ૨૬ લાખ ૪૧ હજાર રૂપિયા, બ્રીજના કામો માટે ૨ કરોડ ૧૯ લાખ, ૫૨ હજાર રૂપિયા તેમજ અન્ય ભૌતિક આંતરમાળખાકીય વિકાસ કામો માટે રૂ. ૭ કરોડ ૭૬ લાખ ૭ હજાર ૬૮૧ મંજૂર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ જૂનાગઢ મહાનગરપાલિકા ઉપરાંત જામનગર જિલ્લાની ધ્રોલ નગરપાલિકામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આગવી ઓળખના કામો માટે ૩.૪૩ કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ૩.૪૩ કરોડ રૂપિયામાંથી રૂ. ૨.૯૫ કરોડ ધ્રોલ નગરના કમલા નહેરૂ પાર્કમાં એમ્યુઝમેન્ટ પાર્ક બિલ્ડીંગ માટે, રૂ. ૪૪.૮૦ લાખ ગાર્ડન ડેવલપ કરવા માટે અને રૂ. ૩.૧૧ લાખ પાર્કમાં ટોયલેટ બ્લોક નિર્માણ માટે ઉપયોગમાં લેવાશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધા વિકાસ કામો, આગવી ઓળખના કામો, ખાનગી સોસાયટી જનભાગીદારી કામો, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અને શહેરી બસ પરિવહન સુવિધા વગેરે માટે રાજ્ય સરકાર મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓને નાણાં ફાળવતી હોય છે. રાજ્યની ૧૫૬ નગરપાલિકાઓને આ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના વિવિધ કામો હાથ ધરવા ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફતે ૨૦૨૨-૨૩ના વર્ષ માટે કુલ ૩૭૯ કરોડ રૂપિયા ફાળવવાનું પણ તાજેતરમાં જ સુનિશ્ચિત કરેલું છે. તદ્અનુસાર, નઅ વર્ગની ૨૨ નગરપાલિકાઓને રૂ. ૧૧૦ કરોડ, નબ વર્ગની ૩૦ નગરપાલિકાઓને રૂ. ૯૦ કરોડ, નક વર્ગની ૬૦ નગરપાલિકાઓને રૂ. ૧૩૫ કરોડ તેમજ નડ વર્ગની ૪૪ નગરપાલિકાઓને રૂ. ૪૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે.

## મિત્રના હાથે થયેલી મિત્રની હત્યામાં આરોપીને ઝડપી પાડતી એસઓજી

**છરીના ઉપરા છાપરી ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૩૦

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાણાવટી ચોક નજીક મિત્રના હાથે થયેલ મિત્રની હત્યાના ગુનામાં પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીની ધરપકડ કરી છે. રાજકોટ શહેર એસઓજી પોલીસે અલગ અલગ ટીમોને કામે લગાડી આજ રોજ હત્યા નિપજાવનાર હુસેન દલવાણી (ઉ.વ.૩૦) ની ધરપકડ કરી કાયદેસરની કર્યવાહી હાથ ધરી છે.



શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાણાવટી ચોક પાસે આવેલ નંદનવન સોસાયટી ખાતે બનેલ હત્યાના બનાવમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યા આસપાસ છરીના ઘા ઝીકી અખ્તર નામના યુવાનની હત્યાના બનાવમાં રાજકોટ યુનિવર્સિટી પોલીસ, ક્રાઇમ બ્રાન્ચ તેમજ એસઓજીની ટીમો અલગ અલગ દિશામાં તપાસ કરી રહી હતી દરમિયાન આજ રોજ ગણતરીની કલાકોમાં એઓજી પોલીસે હત્યારા હુસેન દલવાણી (ઉ.વ.૩૦) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી હુસેન અને મૃતક અખ્તર બન્ને મિત્રો હોવાનું અને મૃતક અખ્તરને આરોપી હુસેનની પત્ની નેન્સી સાથે પ્રેમ સબંધ હોવાનું માલુમ થતા એ બાબતે ખાર રાખી મોકો શોધી ગઈકાલે પત્ની નેન્સી પ્રેમી અખ્તર સાથે બેઠી હોવાની જાણ થતા અચાનક ત્યાં ઘસી આવી છરીના ઘા ઝીંકી મિત્રએ જ મિત્રને મોતને ઘાટ ઉતારી દીધો હતો. હાલ એસઓજીપોલીસે આરોપી હુસેનની ધરપક કરી યુનિવર્સિટી પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## તું મોડી ઉઠે છે તને કોઈ કામ કરતા આવડતું નથી કહી પરિણીતાને ત્રાસ

### મોરબી સાસરૂ ધરાવતી પરિણીતાએ પતિ,સાસુ અને સસરા વિરુદ્ધ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી

રાજકોટ.તા.૩૦

મોરબી સાસરું ધરાવતી રાજકોટની પરિણીતાએ પતિ,સાસુ અને સસરા વિરુદ્ધ મહિલા પોલીસમાં શારીરિક અને માનસિક દુઃખ તથા ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. જ્યાં પરિણીતા પ્રેગ્નેન્ટ થતા પ્રેમલગ્ન કરનાર શંકાશીલ પતિએ પતું ઇન્સ્ટાગ્રામમાં અન્ય પુરુષ સાથે વાતો કરે છે ને ! કહી મારકૂટ કરી હતી. આ મુદ્દે રાજકોટ મહિલા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં પરિણીતાએ મોરબી રહેતા પતિ વિનોદભાઈ મગનભાઈ પડસુંબીયા, સાસુ મધુબેન મગનભાઈ પડાંગીયા અને સસરા મગનભાઈ દેવભાઇ પડસુંબીયા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરતા જણાવ્યું હતું કે, ઘરકામમાં મારાથી ભૂલ થતા મને મારા પતિ તથા સાસુ-સસરા ઘરકામ બાબતે મેણા ટોણા મારવા મંડ્યા અને મારા પતિની પહેલી પત્ની સાથે મારી સરખામણી કરીને સાસુએ કહ્યું કે, વૈભવની પહેલી પત્ની બધું કામ કરતી, તું મોડી ઉઠે છે તને કોઈ કામ કરતા આવડતું નથી,

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આમ દરરોજ સતતને સતત મારા પતિ તથા સાસુ-સસરા મને માનસિક ત્રાસ આપતા હતા. મારા પતિએ મારી પાસે મારા ડોક્યુમેન્ટ માંગ્યા પણ મારી પાસે નહોતા એટલે મારા ભાઈ પાસેથી લેવાનું કીધું. પણ મારા ભાઇએ મારા પતિને મારા પપ્પા સાથે વાત કરવા કહેતા તરત જ મારા પતિએ મને કહેલ કે,,તારા ભાઇથી મને આમ જવાબ જ કેમ દેવાય ?એમ કહી મારી સાથે ઝઘડો કરી ગુસ્સામાં કાચની વસ્તુની તોડફોડ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સાસરે આવ્યાના થોડા સમય બાદ હું પ્રેગ્નેન્ટ થઈ એ સમયે મારા પતિએ મારા પર શંકા કરતા પૂછ્યું હતું કે, તું ઇન્સ્ટાગ્રામ પર કોઇ અન્ય પુરુષ સાથે વાતો કરે છે ને પણ મેં મનાઈ ફરમાવતા કહ્યું કે, હું ઇન્સ્ટાગ્રામ વાપરતી જ નથી છતા મારી સાથે ઝઘડો કરેલ અને મારી સાથે મારકુટ કરી હતી. જેથી હું તા.૨૨/૦૨/૨૦૨૨ના રોજ રાજકોટ આવી ગઈ હતી. ૨ દિવસ બાદ મારા પિયરે આવીને મારા પતિ સમાધાન કરવાનું કહ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હું માની પણ ગઈ હતી. મેં એ સમયે કહ્યું કે. પખમો મારો ભાઈ આવે તેને મળીને આપણે નીકળીએ પણ મારા પતિએ ગુસ્સે થઈને કહ્યું કે, તારે હજુ તારો ભાઇ કહે એમ જ કરવું છે ? તેમ કહી મારી સાથે ઝઘડો કરવા માંડ્યા અને મારી તરફ થેલીનો છૂટો ઘા કર્યો. એ દરમ્યાન મારો ભાઇ આવી જતા તેની સાથે પણ ઝપાઝપી કરી હતી. મેં તુરંત ૧૦૦ નંબરમાં ફોન કરતા મારા પતિ ડરીને નાસી ગયા હતા. ત્યારથી આજદીન સુધી તેઓ તરફથી કોઇ ફોન આવેલ નથી. જેથી મારા પતિએ અને મારા સાસુ સસરાએ મને શારીરિક અને માનસિક દુઃખ તથા ત્રાસ આપ્યો છે.

## કાલથી નવા લેબર કાયદાથી બદલાઈ જશે કામ કરવાની અને વેતનના નિયમો

(એજન્સી સમાચાર)

નવીદિલ્હી,તા.૩૦

એક જુલાઈથી કેન્દ્ર સરકાર નવો લેબર કોડ લાંગુ કરવાની તૈયારીમાં છે. નવા લેબર કોડથી નોકરીના નિયમમાં ઘણા ફેરફાર થશે. કેન્દ્ર સરકાર તમામ રાજ્યમાં એક સાથે બદલાવ લાગૂ કરશે. નવો લેબર કોડ લાગૂ થયા બાદ નોકરી કરતા લોકોના જીવનમાં ઘણા ફેરફાર થશે. નવો કાયદો લાગૂ થતા PF અને ગ્રેજ્યુટી સહિત રિટાયરમેન્ટના ફાયદા પણ વધશે. સાથે જ અઠવાડિયામાં બે સજાને વધારીને ૩ કરાય તેવી પણ શક્યતા છે. આ કોડ લાંગુ થયા બાદ જો કોઈ કર્મચારી કંપની છોડશે તો ૨ દિવસમાં ફાઈનલ સેટલમેન્ટ પણ પૂર્ણ થશે. હાલમાં ફૂલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટમાં કંપનીને ૩૦થી ૬૦ દિવસ સુધીનો સમય લાગે છે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ વિશે નવા લેબર કોડમાં દર્શાવાયું છે કે, કંપની છોડવા, કર્મચારીને છૂટા કરવા અથવા રાજીનામાના બે દિવસમાં કર્મચારીને ફાઈનલ પેમેન્ટ કરવાનું રહેશે. હાલમાં પેમેન્ટ અને સેટલમેન્ટમાં નિયમ લાંગુ છે, પરંતુ રાજીનામામાં આ નિયમ લાગુ પડતો નથી. નવા લેબર કોડમાં ઈન હેન્ડ સેલેરી ઓછી થશે અને કામના કલાક પણ ઘટાડાશે. નવા લેબર કોડમાં વેતન, સોશિયલ સિક્યોરિટી, ઈન્ડસ્ટ્રી સાથે વ્યવહાર અને ઓક્યુપેશન સેટી પણ જોડાયેલી છે. કેન્દ્ર સરકાર આ ચારેય કોડનું ફાઈનલ ડ્રાટ ફેબ્રુઆરી ૨૦૨૧માં તૈયાર કરાયું હતુ. અત્યાર સુધીમાં ૨૩ રાજ્યમાં આ કાયદાને પ્રિ-પબ્લિસ્ડ ડ્રાટ લાંગુ કરાયો છે. કેન્દ્ર સરકાર હવે તમામ રાજ્યમાં એક સાથે ચારેય બદલાવ લાંગુ કરશે. નવા કાયદા કોડમાં કામના કલાક માટે મહત્વનો નિર્ણય કરાયો છે. જે મુજબ અઠવાડિયામાં ૪ દિવસ કામ અને ત્રણ દિવસની રજાનો પ્રસ્તાવ મુકાયો છે. સાથે જ દરરોજના કામને વધારીને ૧૨ કલાક કરાશે. સરકારના આ પ્રસ્તાવ મુજબ કર્મચારીને અઠવાડિયામાં ૪૮ કલાક સુધી કામ કરવાનું રહેશે.

## રાજકોટ ક્રાઈમ

### ગળાફાંસો ખાઇ યુવાનનો આપઘાત

રાજકોટ નજીક કુવાડવાના રફાળા ગામ પાસે ફોરેસ્ટની જમીનમાં આવેલ બાવળના ઝાડમાં જામગઢ ગામના મહેશ ગણેશભાઇ દુધરેજીયા (ઉ.વ.૨૩) એ ગળાફાંસો ખાઇ લીધો હતો. કોઇએ જાણ કરતા કુવાડવા પોલીસ મથકના એ.એસ.આઇ. પી.આર.મકવાણા તથા રાઇટર રોહીતદાનભાઇ ગઢવી સ્થળ પર પહોંચી મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી યુવાને કરેલા આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

### અકસ્માતે વીજશોક લગતા યુવતીનું મોત

રાજકોટ શહેરમાં બજરંગવાડી વિસ્તારમાં રહેતી સુઝાના યુસુફભાઈ ભાલુ નામની ૧૯ વર્ષની યુવતી પોતાના ઘરે હતી, ત્યારે તેણીને અકસ્માતે વીજશોક લાગ્યો હતો. યુવતીને બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં યુવતીનું મોત નિપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પુછપરછમાં મૃતક સુઝાના એક ભાઈ એક બહેનમાં નાની હતી અનેઆજે સવારે સુઝાના બાથરૂમમાં ગઈ હતી ત્યારે અકસ્માતે લપસી પડતાં બાથરૂમમાં હિટરમાં ગરમ પાણી કરવા મુકેલી ડોલને અડી જતાં વીજ શોક લાગતાં મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલ ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી છે.

### ત્રણ મહિલા સહિત આઠ જુગાર રમતા પકડાયા

ભગવતીપરા પાસે આવેલા સુખસાગર સોસાયટીમાં આવેલા મકાનમાં ઈદરીશ નામનો શખ્સ જુગારધામ ચલાવતો હોવાની માહિતીના આધારે ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી જુગાર રમતો ઈદરીશ ઈકબાલ સોરા, હારૂન નુર મહમ્દભાઈ સમા, શોયેબ કરિમભાઈ સમેજા, સમીર સુલેમાનભાઈ સોરઠીયા, ઈરફાન ઉમરભાઈ રાઠોડ, હસીના ઈકબાલભાઈ સોરા, સબાના સલીમભાઈ કાદરી અને રેહાના રહીમભાઈ અગવાલની પીએસઆઈ કામળીયા સહિતના સ્ટાફે ધરપકડ કરી છે.

### રીક્ષાએ ઠોકર લેતા શ્રમિકનું મોત

ઢેબર રોડ પર રહેતો બ્રિજેશ લાલમોહન પ્રસાદ (ઉ.વ. ૩૫) ન નામનો શ્રમિક આજી વસાહત પાસે પગપાળા જતો હતો ત્યારે અજાણ્યા રિક્ષા ચાલકે ઠોકરે લેતા તેનું મોત નિપજતા આજીડેમ પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

### દારૂ સાથે ચાર ઝડપાયા

રાજકોટ : શહેરમાં દારૂની હેરાફેરી ઉપર વોચ રાખવાની સુચના અન્વયે માલવિયાનગર પોલીસે અનીલ દીપક લંગારિયા અને વિપુલ પ્રવીણ બગથરીયાને ૨૧૬ બોટલ દારૂ સાથે ઝડપી લીધા છે પ્રવીણ અગાઉ ૨૧ ગુનામાં પકડાઈ ચુક્યો છે જયારે યુનીવર્સિટી પોલીસે દીપક મુળજીભાઈ કોટકને ૫૭ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો જયારે ડીસીબીએ જુબેર રજાક મેમણને ૧૩ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો.

## જુગારના ૩ દરોડા ૧૦ પત્તાપ્રેમીઓ ઝડપાયા

### લોધીકાના ચીભડા ગામે ૩, શાપર–વેરાવળમાં ૩ અને જસદણના ગોંડલાધાર ગામે ૪ શખ્સો પત્તા ટીંચતા પકડાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ,તા. ૩૦ :

જીલ્લામાં જુગારના ત્રણ દરોડોમાં દસ પત્તાપ્રેમીઓ પોલીસની ઝપટે ચડી ગયા હતા. પ્રથમ દરોડોમાં લોધીકાના ચીભડા ગામ બાપા સીતારામની મઢુલી પાસે કોળીવાસમાં બજારમાં રસ્તા પર સ્ટ્રીટલાઇટના અંજવાળે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પીએસઆઇ કે.કે.જાડેજાના માર્ગદર્શન હેઠળ પો.કો.ભોજાભાઇ સહિતના સ્ટાફે રેઇડ કરી જુગાર રમતા (૧) નીલેષ ચંદુભાઇ વાઘેલા (૨) સાગર ચંદુભાઇ વાઘેલા (૩) પીન્ટુ તનસુખભાઇ વાઘેલા રે. ત્રણેય ચીભડાને રોકડા રૂા. ૧૧,૨૦૦ અનુ ગંજીપત્તા સાથે લોધીકાના પો.કો.ભોજાભાઇ ત્રમટાએ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી. બીજા દરોડામાં શાપર -વેરાવળમાં વેરાવળ (શા) સરધારી ધાર પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના રેઇડ કરી જુગાર રમતા રોકડા રૂા. ૧૦,૦૪૦ અને ગંજીપત્તા સાથે ત્રણને ઝડપી લીધા હતા.

ત્રીજા દરોડોમાં જસદણ ગોડલધાર ગામના રામજી મંદિર પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પી.આઇ. કે.જે.રાણાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ. પુનીતભાઇ અગ્રવાત સહિતના સ્ટાફે રેઇડ કરી જુગાર રમતા ૪ને રોકડા રૂા. ૧૩,૧૦૦ અને ગંજીપત્તા સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

### કન્ટેનર ચોરી કૌભાંડ ઝડપાયું : કચ્છના મુન્દ્રામાં સરકારી કન્ટેનર કંપની કોન્કોરના ૨૦ કન્ટેનર ચોરી ભંગારમાં વેચવાનું ષડયંત્રઃ મોરબી એલસીબી પોલીસે કર્યો પર્દાફાશ, મોરબીના ૪ અને કચ્છના ૨ સહિત ૬ સામે ગુનો નોંધ્યો, ૪ ની ધરપકડ, ૨ ફરાર

**જામનગરના હરિદ્રાગણપતિ મંદિર પરિસરમાં નિર્મિત**

## સંકટમોચન હનુમાનજી મંદિરનો ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

### તા.૧ થી ૩ જુલાઇ સુધી ધાર્મિક કાર્યક્રમોનું આયોજનઃ પૂર્વ મંત્રી હકુભા જાડેજા પ્રતિષ્ઠિત મૂર્તિ પર ગંગાજળ અભિષેક કરશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જામનગર, તા.૩૦

જામનગર-કાલાવડ રોડ પર વીજરખી ગામ પાસે આવેલા શ્રી હરિદ્રાગણપતિ મંદિર પરિસરમાં નિર્માણ પામેલા શ્રી સંકટ મોચન હનુમાનજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧ થી ૩ જુલાઈ સુધી રંગેચંગે ઉજવવામાં આવશે.

આ મહોત્સવમાં મુખ્ય પ્રાણ પ્રતિષ્ઠા વિધિ ૩ જુલાઈને રવિવારના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે અભિજીત મુહૂર્તમાં યોજાશે. જેમાં રાજ્યના પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) ઉપસ્થિત રહીને પ્રતિષ્ઠિત મૂર્તિ પર ગંગાજળ અભિષેક કરશે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય મહેમાન પદે પ.પૂ. સેવા મૂર્તિ શ્રી જમનાદાસ બાપા (શ્રી હરિહર અન્નક્ષેત્ર-મોરબી) ઉપસ્થિત રહી આશિર્વચન આપશે. આ ઉપરાંત વિશેષ ઉપસ્થિતિમાં સર્વાંગ સેવાધારી વસ્તાભાઈ કેશવાલા (મેનેજિંગ ટ્રસ્ટી સમર્પણ હોસ્પિટલ) ભંડારામાં સંપૂર્ણ સહયોગી રહેશે. કળશ પ્રતિષ્ઠા-શિખર પૂજન જે.પી.કોટડીયા (નિવૃત ડીવાયએસપી) દ્વારા કરવામાં આવશે.

શ્રી સંકટ મોચન હનુમાનજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ત્રણેય દિવસ હોમ હવન, પાઠ, મૂર્તિઓની શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમોની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારનાર ભક્તજનો માટે ત્રણેય દિવસ સવાર-બપોર-સાંજ એમ ત્રણેય ટાઈમ ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. શ્રી સંકટ મોચન હનુમાનજી મંદિરના નિર્માણમાં અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં અનેક દાતાઓનો પણ સહયોગ મળ્યો છે. જેઓના નામની તકતી પણ મૂકવામાં આવી છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

**અમદાવાદમાં કાલે પહેલીવાર મુખ્યમંત્રીનાં હસ્તે જગન્નાથ રથયાત્રાની પહિન્દ વિધિ નહીં થાયઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કોરોનાગ્રસ્ત થતા હોમ આઈસોલેટ થયા, રાજયપાલ અથવા અમદાવાદનાં મેયરનાં હસ્તે વિધિ થવાનો સંભવ**

## જામનગરના વિભાપર પાસે યુવક-યુવતીનો આપઘાત

### કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે પોલીસ તપાસ



જામનગર, તા. ૩૦ : જામનગરના વિભાપર પાસે યુવક-યુવતીના મૃતદેહ મળતા અરેરાટી વ્યાપી ગઇ છે. પ્રાપ્ત માહિતી મુજબ જામનગરના વિભાપર પાસે આવેલી વાડી વિસ્તારમાં રાજપાર્કમાં રહેતા ૨૬ વર્ષથી વિનોદ સારીયા અને મૂળ મહુવાના હેતલ ચૌહાણ નામના ૨૨ વર્ષીય યુવતી દવા પીધેલી હાલતમાં મૃતદેહ આવ્યા હતા. આ અંગે પ્રાથમિક તપાસ દરમિયાન હેતલ ચૌહાણ નામની યુવતી પરિણીત હોવાનું જાણવા મળ્યું છે ત્યારે કયા કારણોસર બંનએ કર્યો છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કણકોટના પાટિયા પાસે વાહને ઠોકરે લેતા બાઈક સવારનું મોત





રાજકોટ : પડધરીના નાની અમરેલી ગામે રહેતો અને મૂળ દાહોદનો સુરેશ શામજીભાઈ ભુરીયા ઉ.૨૬ નામનો યુવાન તેના મિત્ર રસિદ સાથે મેટોડાથી રાજકોટ તરફ આવતો હતો તે દરમ્યાન કણકોટના પાટિયા પાસે અજાણ્યા વાહને ઠોકરે લેતા સુરેશનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે રસિદને સારવાર અર્થે ખસેડાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ધુપ-છાંવનો માહોલઃ સર્વત્ર મિશ્ર હવામાન

### મહુવામાં સવા બે, ગારીયાધારમાં ૨ ઇંચ વરસાદઃ ધ્રોલ–પીપરટોડામાં ઝાપટા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૩૦

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ધુપ-છાંવનો માહોલ યથાવત છે, આવા વાતાવરણ વચ્ચે ભાવનગર જીલ્લાના મહુવામાં સવા બે ઇંચ, ગારીયાધારમાં ૨ ઇંચ વરસાદ પડયો છે. જયારે જામનગરના ધ્રોલમાં ૨ મી. મી. અને પીપરટોડામાં ૧૦ મી. મી. ઝાપટારૂપે વરસાદ પડયો છે. ભાવનગર જિલ્લામાં મહુવામાં સવા બે ઇંચ અને ગારીયાધારમાં બે ઇંચ વરસાદ પડ્યો છે જયારે જેસરમાં છુટો છવાયો વરસાદ પડ્યો છે. ભાવનગર શહેરમાં આજે પણ વરસાદે હાથતાળી દીધી હતી અને વરસાદ પડયો નહોતો. ભાવનગર જિલ્લામાં આજે સવારે છ વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દરમિયાન જેસરમાં ૭ મી.મી. ,ગારિયાધારમાં ૪૮ મી.મી. અને મહુવામાં ૫૬ મી.મી .વરસાદ નોંધાયો છે. ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૬ ડિગ્રી નોંધાયું હતું જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૦ ટકા અને પવનની ઝડપ ૩૦ કિ.મી. પ્રતિ કલાકની રહેવા પામી હતી.



જામનગરનું આજનું હવામાન ૩૫ મહત્તમ, ૨૮ લઘુતમ ૮૨ ટકા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૨.૬ પ્રતિ કલાક પવનની ગતિ રહી હતી. છેલ્લા ચોવીસ કલાકમાં પીપરટોડા ગામે ૧૦ મી. મી. તથા ધ્રોલમાં ૨ મી. મી. વરસાદ નોંધાયો છે.

## અરબી સમુદ્રમાં હળવા દબાણને પગલે સોમનાથના દરીયામાં ઉંચા ઉછળતા મોજા





અરબી સમુદ્રમાં હળવા દબાણને પગલે સોમનાથના દરિયામાં ઉંચા મોજા ઉછળેલા અને દરિયો તોફાની જોવા મળેલ બે દિવસ પહેલા સમુદ્રમાં હળવુ દબાણ અને દરીયામાં કરંટ સાથે ૩૦ થી ૪૦ કિલોમીટર પવન ફુંકાવાની શક્યતાને પગલે વેરાવળ સહિત અનેક બંદરોમા ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યા હતા પરંતુ આજે પોર્ટ વિભાગમાંથી માહિતી મળતાં જાણવા મળેલ કે ત્રણ નંબરનું સિગ્નલ ઉતારી લેવામાં આવેલ છે છતાં પણ સોમનાથના દરિયામાં ઉંચા મોજા ઉછળી રહેલ જે તસ્વીરમાં નજરે પડે છે.

# કાલે અષાઢી બીજનું મેઘરાજા મુહૂર્ત સાચવશે તેવી ખેડૂતોને આશા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૩૦ : કાલે અષાઢી બીજ છે. મેઘરાજા મુહુર્ત સાચવે તેવી ખેડૂતોને આશા છે. રાજયમાં હાલ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા રથયાત્રાના દિવસને લઈને એક મહત્વપૂર્ણ આગાહી કરી છે. સામાન્ય રીતે રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળે ત્યારે અમી છાંટણા થતા હોય છે. પરંતુ આ વર્ષે ભગવાન જ્યારે વાજતે ગાજતે નીકળશે ત્યારે વરસાદ પડશે કે કેમ તે પ્રશ્નનો જવાબ મેળવવા માટે ભક્તો અધીરા બન્યા છે. ત્યારે હાલ હવામાન વિભાગ દ્વારા એક આગાહી કરવામાં આવી છે.

રથયાત્રાના દિવસે વરસાદ રહેશે કે નહીં તેને લઈને હવામાન વિભાગે એક આગાહી કરી છે. આગાહી પ્રમાણે એવું જણાવવામાં આવ્યું છે કે, રથયાત્રામાં ભારે વરસાદનું વિઘ્ન નહીં સર્જાય. પરંતુ અમી છાંટણા થઈ શકે છે. એટલું જ નહીં, અમદાવાદ અને ગાંધીનગરમાં છૂટો છવાયો અને સામાન્ય વરસાદ રહી શકે છે. તેમજ પવનની ગતિ પણ સામાન્ય રહેશે. રથયાત્રામાં વરસાદના વધામણાં થતા યાત્રાની રોનકમાં વધારો થશે.

નોંધનીય છે કે, હવામાન વિભાગે આગામી ૪ દિવસની આગાહી કરવામાં આવી છે. આગાહી પ્રમાણે રાજ્યમાં ૫ દિવસ છૂટા છવાયો સમાન્ય વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ છૂટો છવાયો વરસાદ રહેશે. ૧ જુલાઈ સુધી છૂટાછવાયા વરસાદની આગાહી થતાં ધરતીપુત્રોને હજુ સારા વરસાદની રાહ જોવી પડશે. પરંતુ ૧ જુલાઈ બાદ વરસાદનું જોર વધશે. તો ૩૦ જૂનથી ૩ જુલાઈ સુધી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે હવામાન વિભાગની આગાહી -પ્રમાણે ઉતર ગુજરાતમાં ૧ જુલાઈ બાદ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરત, દમણ દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી થતાં લોકોને સર્તક કરવામાં આવ્યા છે, સાથે ઉત્તર ગુજરાતમાં અરવલ્લી, દાહોદ, બનાસકાંઠા, સાબરકાંઠામાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના મતે સાર્વત્રિક વરસાદ માટે હાલ કોઇ વરસાદી સિસ્ટમ સક્રિય નહી. પરંતુ બે દિવસ બાદ વરસાદી સિસ્ટમ સક્રિય થવાની

## વાવણી લાયક વરસાદ વરસે તેવી જગન્નાથજી ભગવાનને પ્રાર્થના

શકયતા જોવામાં આવી છે, જયારે ગુજરાતમાં ૩૭ થી ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. મહત્વપૂર્ણ છે કે હવામાન વિભાગના મતે અમદાવાદીઓ માટે ખુશીના સમાચાર છે. અમદાવાદ અને ગાંધીનગરમાં છૂટો છવાયો અને સામાન્ય વરસાદ રહી શકે છે.



# મોંઘવારીના મુદ્દે ધરણાની મંજુરી રદ કરવાની અરજી કરવા છતાં પોલીસે મંજુરી આપી!



## ધરણાનો કાર્યક્રમ મોકુફની લેખીતમાં જાણ કરાઈ હતીઃ લોક સાંસદ વિચાર મંચ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦ મહાનગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, લોક સંસદ વિચારમંચના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, ભાવેશભાઈ પટેલ, લીગલ એડવાઈઝર એડવોકેટ ઇન્દુભા રાઓલની એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે, લોકસંસદ વિચાર મંચના મહિલા આગેવાન દિપ્તીબેન સોલંકી દ્વારા તારીખ ૨૨/૬ ના મોંઘવારીના મુદ્દે ધરણા કરવા અંગેની અરજી તારીખ ૧૪/૬ થી પોલીસ કમિશનર કચેરી બ્રાન્ચમાં કરવામાં આવી હતી પરંતુ આઠ-આઠ દિવસ સુધી પોલીસ કમિશનર કચેરી સ્પેશિયલ બ્રાંચ કે ભક્તિનગર પોલીસ સ્ટેશન તરફથી અરજદાર દીપ્તિબેન સોલંકીને કોઈ જવાબ ન આપતા તા.૨૧/૬ થી ધરણા રદ કરવા અંગેની અરજી આપી. ત્યારબાદ ફરીથી મોંઘવારીના જ પ્રશ્ને દેવપરા ખાતે જ તા.૨૯/૬ ના ધરણા કરવા અંગેની અરજી ભાવેશભાઈ પટેલે તા.૨૧/૬ થી કરવામાં આવી હતી તારીખ ૨૮/૬ થી પોલીસ કમિશનર કચેરીમાં સવારના ૧૧-૧૫ કલાકથી ૨૧/૬ ની અરજી પરત ખેંચી ધરણા કરવાની કોઈ જરૂરિયાત રહેતી નથી અને તારીખ ૨૯/૬ ના ધરણનો કાર્યક્રમ મોકુફ રાખવા અંગેની બાબતની લેખિત જાણ પોલીસ કમિશનરને કરી દેવામાં આવેલ હતી. આશ્ચર્યની બાબત તો એ છે કે તા.૨૮/૬ ધરણાં અંગેની અરજી પાછી ખેંચવા પોલીસ કમિશનરને અરજી આપવા છતાં અરજદાર ભાવેશભાઈ પટેલને ભક્તિનગર પોલીસ સ્ટેશનથી તા.૨૯/૬ ના ધરણાની અરજી મંજૂર થઈ છે. કોપી લઈ જાવ એવો ફોન આવે છે.

અરજીઓના પગલે ધરણા કરવાની જરૂરિયાત રહેતી નથી એવું સ્પષ્ટ લેખિત આપવા છતાં રાજકોટ પોલીસ કમિશનર કચેરીના પત્ર ક્રમાંક એસસી/૧૪/મંજૂર/૫૧૭૪ થી તા.૨૮/૬ નાયબ પોલીસ કમિશનર પાર્થરાજસિંહ ગોહિલ ક્રાઈમ અને સ્પેશિયલ બ્રાન્ચ રાજકોટ શહેર રાજકોટની સહીથી મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે. ભાવેશભાઈ આ નકલ લેવા ભક્તિનગર પોલીસ સ્ટેશન ન જતા તેમના વોટ્સએપ નંબર પર મંજૂરી અંગેનો પત્ર મોકલી દેવામાં આવેલ હતો. અહીં સવાલ એ છે કે જ્યારે અરજદાર અરજી પરત ખેંચે તેમ છતાં અરજી મંજુર કરી દેવામાં આવે છે આ તે કેવો વહીવટી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજ્યના ગૃહ મંત્રી હર્ષભાઇ સંઘવી, રાજ્ય મુખ્ય ગ્રહ સચિવને ગાંધીનગર ખાતે વિસ્તૃતમાં આધાર પુરાવા સાથે લેખિતમાં ફરિયાદ કરવામાં આવશે તેમ અંતમાં લોક સંસદ વિચારમંચના આગેવાનોએ જણાવ્યું હતું.

### આંકડાશાસ્ત્ર ભવનને 'ડો. પી.સી.મહાલનોબિસ' નામકરણ

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આંકડાકીય દિવસની ઉજવણી



એક સપ્તાહ નિષ્ણાંતોના વ્યાખ્યાનો અને વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો યોજાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦ ગઇકાલે તા. ૨૯ જૂનના દિવસે વિશ્વ વિખ્યાત ભારતીય આંકડાશાસ્ત્રી ડો. પી.સી. મહાલનોબિસના જન્મદિવસને 'રાષ્ટ્રીય આંકડાકીય દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે. જેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર ભવન દ્વારા ૧૬ મા રાષ્ટ્રીય આંકડાકીય દિવસની વિશેષ ઉજવણી કરતા આખું અઠવાડિયું નિષ્ણાંતોના વ્યાખ્યાનો, વિદ્યાર્થીઓને વિષય બાબતે અભિરૂચિ કેળવાય તેવા રસપ્રદ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય આંકડાકીય દિવસની ઉજવણી અંતર્ગત ખ્યાતનામ સંસ્થાઓમાંથી નિષ્ણાંતોને વ્યકતવ્ય માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં વિવિધ વિષયો પર નિષ્ણાંતો એ સૌને માર્ગદર્શિત કર્યા હતા.

જોઈન્ટ ડાયરેક્ટર, ઇકોનોમિક એન્ડ સ્ટેટસ્ટીકના મિસ્ટર રામ એમ. ગંભીર જેઓએ સરકારી ક્ષેત્રમાં આંકડાશાસ્ત્રનો બહોળો ઉપયોગ કેવી રીતે થાય છે તે અંગે ઉપસ્થિત સૌને માહિતગાર કર્યા હતા. જયારે સંશોધન અધિકારી, ઇકોનોમિક એન્ડ સ્ટેટસ્ટીકના ડો. હિરલ વિઠલાણી વિષયના નિષ્ણાંત અને સંશોધક છે, જેઓ ડો.પી.સી.મહાલનોબિસનું આંકડાશાસ્ત્રમાં આપેલ યોગદાન તેમજ આંકડાશાસ્ત્રનો ઉપયોગ અંગે સૌને માહિતગાર કર્યા હતા. આસિસ્ટન્ટ ડાયરેકટર, નેશનલ સ્ટેટેસ્ટીક બીપીન રાજગોર અને ભાવનાબેન જોશી તેમની કચેરી દ્વારા વિવિધ સર્વે કેવી રીતે હાથ ધરવામાં આવે છે તેના વિશે માર્ગદર્શન આપેલ હતું. જયારે આસિસ્ટન્ટ પ્રોફેસર, આત્મીય યુનિવર્સિટી પ્રિયાંક દોશીએ દસ્તાવેજીકરણ અને પ્રોફેસર, હિરેન જોશી, ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ) રિસર્ચ પેપર વિશે માર્ગદર્શન આપ્યું. આ સાથે ચિરાગ જાગાણી (આંતરપ્રીન્યોર - બિઝનેસમેન ઈન સોફ્ટવેર્સ) એ બિગ ડેટા ફાઈલ્સનો આંકડાકીય ડેટા કઈ રીતે એનાલિસિસ માટે ઉપયોગમાં લઇ શકાય તે અંગે માહિતગાર કરેલ હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ગિરીશભાઈ ભીમાણીએ રાષ્ટ્રીય આંકડાકીય દિવસની ઉજવણીનાં સફળ આયોજન બદલ આંકડાશાસ્ત્ર ભવનના પ્રો . કિશોરભાઈ આટકોટીયા, ડો. દિશા રાંક, ડો. મયુર સવસાણી તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ રાષ્ટ્રીય આંકડાકીય દિવસના ઉપલક્ષમાં આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય ૫૦ થી વધુ સંશોધકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લઇને જ્ઞાનનું આદાન - પ્રદાન કર્યું હતું.

# અખિલ ભારતીય ઓ.બી.સી. મહાસભાના કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ તરીકે અમરેલીના પ્રભાત કોઠિવાળની નિમણુંક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦ અખિલ ભારતીય ઓ.બી.સી. મહાસભાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પ્રજાપતિ વિપુલભાઈ ચંદુભાઈ જાદવ દ્વારા અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના નિવાસી એવા પ્રભાતભાઈ દાદાભાઈ કોઠિવાળ (મો. ૯૪૨૬૯૩૮૩૪૧) ની નિમણુંક અખિલ ભારતીય ઓ.બી.સી. મહાસભાના ગુજરાત પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ તરીકે કરવામાં આવે છે.



પ્રભાતભાઈ અમરેલી જીલ્લા પંચાયતના વિપક્ષી નેતા પ્રભાતભાઈ કોઠિવાળની નિમણુંક કરવામાં આવી છે. ત્યારે ચારેય દિશાઓમાંથી અભિનંદનની વર્ષા જોવા મળી રહી છે. અમરેલી જીલ્લામાં નિવૃત વિસ્તરણ અધિકારી, અમરેલી જીલ્લામાં આહિર સમાજના મંત્રી અને અમરેલી જીલ્લા પંચાયતના કોટડાપીઠા જીલ્લા પંચાયત સીટના સદસ્ય તરીકે હાલ સેવા આપે છે.

અમરેલી જીલ્લામાં સર્વજ્ઞાતી સમુહલગ્ન, બાળકોના-વિદ્યાર્થી સન્માન સમારોહ, વિધવા સહાય, પેન્શન સહાય, સ્ત્રી શકિતકરણ જેવા ઉમદા કાર્ય કરે છે. અખિલ ભારતીય ઓ.બી.સી. મહાસભાના પ્રદેશ હોદ્દેદારો મનસુખભાઈ ગોવાણી, પરસોતમભાઈ ભરડીયા, મનીષભાઈ ઓડેદરા, એડવોકેટ તનસુખભાઈ ગોહેલ, બાલાભાઈ અમેથીયા, અંબાલાલભાઈ સદાદીયા (સુરત), પરેશભાઈ મહેતા (ભરૂચ), મેરામણભાઈ ગંભીર, મોહનભાઈ સોનગરા, ઉર્મિલાબેન રાણા (સુરત) સહિત તમામ કાર્યકરો અને પ્રદેશ હોદ્દેદારો કાર્યકારી અધ્યક્ષ પ્રભાતભાઈ કોઠિવાળને આવકારે છે.

## ભાજપ લીગલ સેલના પ્રદેશ સહ સંયોજક

# અનિલ દેસાઈની નિમણુંકને આવકારતું રાજકોટ મહાનગર લીગલ સેલ, ડિસ્ટ્રિકટ બાર એસો. રેવન્યુ બાર એસો.



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦ પ્રદેશ ભાજપા લીગલ સેલનાં પ્રદેશ સંયોજક જે. જે. પટેલ દ્વારા પ્રદેશ ભાજપા પ્રમુખ સી. આર. પાટીલ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સહ સંયોજક તરીકે વકિલ જ અનિલભાઈ દેસાઈની નિમણુંક આપતા આ નિમણુંકને પ્રદેશ કારોબારી સદસ્ય હિતેષભાઇ દવે, પૂર્વ સહ સંયોજક દિલીપ પટેલ, રાજકોટ મહાનગર લીગલ સેલના સંયોજક અંશ ભારદ્વાજ, સહ સંયોજક અને રાજકોટ રેવન્યુ બાર એસોસિએશનના પ્રમુખ સી. એચ. પટેલ, સદસ્યતા અભિયાન પ્રભારી અને ડિસ્ટ્રિકટ બાર એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા તથા સહ પ્રભારી અજય પીપળિયા, વિધાનસભા સંકલન પ્રભારી અશ્વિન ગોસાઈ, કારોબારી સંચાલક હરેશ પરસોંડા, સંપર્ક પ્રમુખ ધર્મેશ સખિયા, રેલ્વે બાર એસોસિએશનના પ્રમુખ સંજયભાઈ વ્યાસ, મહિલા બાર એસોસિએશનના પ્રમુખ મહેશ્વરીબેન ચૌહાણ, ક્રિમીનલ બાર એસોસિએશનના પ્રમુખ તુષાર બસલાણી, નોટરી બાર એસોસિએશનના પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ, યુવા ભાજપ પ્રમુખ કિશન ટિલવા, સેનેટ સભ્ય કપિલ શુકલા, મનિષભાઈ ખખ્ખર, તેમજ રૂપરાજસિંહ પરમાર, મૌલિક ફળદુ, જયેશ બોઘરા, એન. ડી ચાવડા, નયન વ્યાસ, દિલીપ જોષી, અમિતાબેન સિપ્પિ, વિજય ભટ્ટ, જતિન ઠકકર, એ. ટી. જાડેજા, સુરેશભાઈ ફળદુ, પન્નાબેન ભુત, અશ્વિન મહાલિયા, રેખાબેન પટેલ, દિવ્યેશ છગ, અમૃતાબેન ભારદ્વાજ, નિવિદભાઈ પારેખ, જીતેન્દ્રસિંહ પરમાર, કે.સી. ભટ્ટ, નયનાબેન ચૌહાણ, હર્ષદ બારૈયા, તેમજ સરકારી વકિલો દિલીપ મહેતા, કમલેશ ડોડિયા, અતુલ જોષી, સ્મિતાબેન અત્રિ, આબિદ સૌશન, રક્ષિત કલોલા, અનિલ ગોગિયા, સમીર ખીરા, તરૂણ માથુર, મુકેશ પિપળિયા, બિનલબેન રવેશિયા, પ્રશાંત પટેલ, પરાગ શાહ વગેરેએ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ હતી અને તા.૯-૭ ના રોજ સ્વામીનારાયણ મંદીર, બી.એ.પી. એસ. પ્રમુખ સ્વામી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે આયોજીત આગામી સૌરાષ્ટ્ર કચ્છ ઝોનના વકિલોના મહાસંમેલનમાં ભારતિય જનતા પાર્ટિ લીગલ સેલ ગુજરાત પ્રદેશ દ્વારા પ્રદેશ સંયોજક જે. જે. પટેલ, સહ સંયોજક અનિલભાઈ દેસાઈ અને દિપક જોષીની આગેવાની અને પ્રદેશ ભાજપા, ગુજરાત પ્રદેશના પ્રમુખ સી. આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાનાર વકિલોના મહાસંમેલનમાં લીગલ સેલ રાજકોટ મહાનગર, ડિસ્ટ્રિકટ બાર એસોસિએશન અને રેવન્યુ બાર એસોસિએશન રાજકોટે સૌરાષ્ટ્ર કચ્છના દરેક વિકલોને ખાસ હાજર રહેવા ભાવભર્યુ જાહેર આમંત્રણ આપી હાજર રહેવા અનુરોધ કરેલ છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## નવા મુખ્યમંત્રી ફડણવીસ, ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદે

શિવસેનાના બાગીજૂથના તમામ સભ્યોને ગૃહમાં હાજર રહેવા માટે વ્હીપ જારી કરવામાં આવશે. ઉધ્ધવ છાવણીના ૧૬ ધારાસભ્યોને પણ વ્હીપ લાગુ પડશે તેવું બાગીજૂથનાં સુત્રોએ જણાવ્યું હતું. આજે ફડણવીસ અને શિંદેની ગવર્નરની બેઠક બાદ ભાજપની સરકાર રચવાનો માર્ગ મોકળો થઇ જશે તેમ માનવામાં આવે છે. ભાજપને વિશ્વાસ છે કે, ફડણવીસ બહુમતી પુરવાર કરી શકશે. દરમ્યાન શિવસેનાનાં બાગીજૂથનાં સભ્ય અને પ્રવક્તા દીપક કેસરકરે જણાવ્યું હતું કે, અમે ઠાકરે પરિવારના વિરોધી નથી. જો ઉધ્ધવજી એમવીએમાંથી નીકળી જાય તો અમે એમની સાથે વાતચીત કરવા હજુ તૈયાર છીએ. અમે ઠાકરેજીની વિરૂધ્ધ સુપ્રીમ કોર્ટમાં ગયા નથી. તેઓ સન્માનનીય નેતા છે. અમે એમને માન આપીએ છીએ. અમે કોઈને પીઠમાં છુરો ભોંકયો નથી. સંજય રાઉતના આવા નિવેદનો લોકોમાં નારાજગી ફેલાવવા માટે છે. અમે ઉધ્ધવ ઠાકરેના રાજીનામાંની કોઈ ઉજવણી કરી નથી. દરમ્યાન એકનાથ શિંદે ગમે ત્યારે મુંબઈ પહોંચવાની તૈયારીમાં છે. તેઓ સવારે ગોવાથી મુંબઈ જવા રવાના થઇ ગયા હતા. તેઓ પ્રથમ ફડણવીસને મળશે અને ત્યારબાદ બંને રાજ્યપાલને મળવા જશે. બાગીજૂથનાં ૧૨ સભ્યોને મંત્રી પદની લ્હાણી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ છે. છેલ્લે- છેલ્લે એવું જાણવા મળ્યું છે કે, ફડણવીસ અને શિંદેનાં શપથ બાદ નવી ભાજપ સરકારનાં અન્ય ૭ મંત્રીઓ પણ શપથ લેશે. જેમાં ચંદ્રકાંત પાટીલ, પ્રવિણ દરેકર, ગિરીશ મહાજન, ચંદ્રશેખર બવનકુલે, આશિષ શેલાર અને સંજય કુટે પણ મંત્રી પદનાં શપથ લ્યે તેવી શક્યતા છે.(૨.૧૨)

## સુરત અને વલસાડમાં મુશળધાર વરસાદથી સર્વત્ર જળબંબાકાર

ગયા હતા. વલસાડ શહેરનાં નીચાણવાળા વિસ્તારોમાં ઘરો અને દુકાનોમાં પાણી ઘુસી ગયા હતા. વાપીમાં બે ઇંચ, ધરમપુરમાં એક ઇંચ અને પારડીમાં સાડા ત્રણ ઇંચ જેવો જોરદાર વરસાદ થયો હતો. વલસાડ તાલુકાનાં તમામ ગામોમાં સાંબેલાધાર વરસાદ પડી રહ્યો છે અને બે દિવસમાં સતત મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા હોવાથી ચારેતરફ પાણી- પાણી દેખાય છે. વલસાડનાં અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વિખ્યાત એમજી રોડ અને ખત્રીવાડની કાપડની દુકાનોમાં પાણીનો ધસમસતો પ્રવાહ ઘુસી જતા વેપારીઓને માલ-સામાન સલામત સ્થળે લઇ જવો પડ્યો હતો. વલસાડ અને આસપાસનાં વિસ્તારોમાં બે દિવસથી વીજળીનાં કડાકા-ભડાકા અને ગાજવીજ સાથે જોરદાર વરસાદ થઇ રહ્યો છે.સુરત શહેરમાં સવારઠો ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. કતારગામ, વરાછા, રાંદેર, અડાજણ, ઉમરપાડા વગેરે વિસ્તારોમાં ભારે વરસાદ તૂટી પડતા રસ્તાઓ પર નદીઓ વહી નીકળી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. વરાછા પાસે એક અન્ડરબ્રિજ પાણીમાં ડૂબી ગયો છે. લીંબાયત, અઠવા અને ઉધના વિસ્તારોમાં પણ વરસાદનાં વાવડ છે. વરાછામાં બે ઇંચ પાણી પડી ગયાનું નોંધાયું છે. કતારગામ અને અન્યત્ર અડધાથી એક ઇંચ પાણીથી ઠેરઠેર પાણી ભરાયા છે. સુરતમાં કાચા સોના જેવા વરસાદને લઈને ખેડૂતોને રાહત થઇ છે.(૨.૧૨)

## જો વાહનોની ઝડપ પર નિયંત્રણ મુકાય તો દર વર્ષે ૨૦ હજાર લોકોનાં જીવ બચી શકે

મંત્રાલયનો અહેવાલ દર્શાવે છે કે, કુલ માર્ગ અકસ્માતોમાં થયેલી જાનહાની પૈકી વાહનની ઝડપને કારણે ૬૯ ટકા લોકોનાં મોત થયાનું નોંધાયું છે. લાન્સેટનો અહેવાલ જણાવે છે કે, માર્ગ સુરક્ષા માટે અને જાનહાની રોકવા માટે વાહનોની ઝડપ નિયંત્રણ જરૂરી છે. તે માટે આધુનિક નિયંત્રણનો ઉપયોગ થવો જોઈએ. ઈલેક્ટ્રોનિક સ્પીડ કંટ્રોલ ગનથી હાઈ-વે પર વાહનોની ઝડપ પર નજર રાખી નિયંત્રિત કરી શકાય. એ રીતે વાહન ચાલકોએ નશો કર્યો છે કે નહીં. તેનું પણ સઘન ચેકિંગ થવું જોઈએ. બાઈક ચાલકો માટે હેલ્મેટ અને કાર ચાલકો તથા સાથે બેસનારા માટે સીટબેલ્ટ બાંધવાના નિયમનું કડક પાલન થવું જોઈએ. કેન્દ્રનાં માર્ગ પરિવહન અને હાઈ-વે મંત્રી નીતિન ગડકરીએ માર્ગ સુરક્ષા એક્શનની મહત્વકાક્ષી યોજના થકી અકસ્માતો અને જાનહાનીની ટકાવારીમાં ૨૦૨૪ સુધીમાં ૫૦ ટકા ઘટાડો કરવાની આશા રાખી છે.(૨.૧૨)

## રાજકોટ સહિત ગુજરાતના પાંચ શહેરોમાં રમાશે નેશનલ ગેમ્સ

રમતો માટે શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ છે એટલે મોટા ભાગની ગેમ અહીં જ રમાડાશે. બીજી બાજુ ગુજરાત સરકારે પણ આ રમતોના આયોજન માટે લીલીઝંડી આપી દીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. દરેક શહેરના એસો.ને ખેલાડીઓને તૈયાર કરવા લખાયો પત્રઃ સાત વર્ષ પહેલાં કેરળમાં રમાઈથતી નેશનલ ગેમ્સઃ સાઈની ટીમના ગુજરાતમાં ધામા. નેશનલ ગેમ્સ માટે ટૂંક સમયમાં ટાસ્ક ફોર્સ અને વિવિધ કમિટીઓની રચના પણ કરવામાં આવશે. આ ટૂર્નામેન્ટનું આયોજન અત્યંત ભવ્યાતિભવ્ય રીતે કરાવવાની તૈયારી છે.

## દેશમાં રૂ.૨૫૧૬ કરોડનાં ખર્ચે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરાશે

લોનનાં ઝડપી વિતરણ, નાણાંકીય વ્યવહારનાં ઓછા ખર્ચ, ઝડપી હિસાબ તથા પ્રાદેશિક સહકારી બેંકો અને જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો સાથે પેમેન્ટ અને હિસાબમાં અસમતુલા ઘટાડવામાં મદદ મળશે. મંડળીઓનો સોફ્ટવેર પ્રાદેશિક ભાષામાં હશે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## કાળા મરી અને શુધ્ધ ઘી (લુઝ)ના નમુના લેવાયા

ચકાસણી કરવામાં આવેલ. ચકાસણી દરમિયાન વેંચાણ થતાં ઠંડાપીણાં, દૂધ, દૂધની બનાવટ, પ્રિપેર્ડ ફૂડ તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.મધુવન ડેરી ફાર્મ, ઉમા કોલ્ડ્રિંક્સ, ખોડિયાર સ્વીટ માર્ટ, ખોડલ હોટેલ, રવિ ખમણ શ્રીજી કોલ્ડ્રિંક્સ, રામેશ્વર ડેરી ફાર્મ, ગાંધી સોડા શોપ, સોમ સોપારી, જય ગોપનાથ સ્વીટ નમકીન, જાનકી ડેરી ફાર્મ, સુરક્ષા મેડિકલ સ્ટોર, ગુરુકૃપા એજન્સી, રાધે હોટેલ, ભોલે કોલ્ડ્રિંક્સ, ગોવર્ધન પાન, ઝલક પાન, કોલ્ડ્રિંક્સ જય જુળવાનાથ ટી સ્ટોલ, ખોડિયાર પાઉભાજી, અમુલ પાર્લરની જનરલ ચકાસણી કરવામાં આવેલ.કાળા મરી (૧૦૦gm પેકડ) :સ્થળ -શીતલ સુપર માર્કેટ -રેસકોર્ષ પાર્ક, બિલ્ડીંગ નં. ૩૭, દુકાન નં. ૧-૬, એરપોર્ટ રોડ, શુધ્ધ ઘી (લુઝ): સ્થળ -પોપટ મહેન્દ્રભાઇ જમનાદાસ - મંગળા રોડ, શેરી નં.૫ ખૂણો, ફૂડ વિભાગ દ્વારા નમુના લેવામાં આવેલ.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઓફલાઇન પ્રવેશ પ્રક્રિયા શરૂ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ ની પ્રવેશ પ્રક્રિયા બાબતે તમામ અધ્યક્ષોને સૂચના આપી છે કે, સૌરાષ્ટ્ર યુનિ. સિવાયની ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓના ૫ ટકા વિદ્યાર્થીઓને નિયમ પ્રમાણે પ્રવેશ આપવાનો રહેશે. આ માટે ગઇકાલે તા.૨૯ જૂનથી ઓફલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું ચાલુ કરવામાં આવ્યું છે, જે તા.૪ જુલાઇ સુધી ભરી શકાશે. બાદમાં તા.૫ થી તા.૭ જુલાઇ સુધી ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરવામાં આવશે. જયારે તા.૮ મી એ જે-તે ભવન દ્વારા યુનિ.ની વેબસાઇટ પર મેરિટલીસ્ટ પ્રમાણે પસંદગી પામેલા વિદ્યાર્થીઓએ વેરીફિકેશન કરાવ્યા બાદ તા.૮ થી ૧૦ સુધીમાં નિયત ફી ભરવાની રહેશે.

## રાજકોટને પાણી પુરૂ પાડતા ડેમોમાં માંડ ૧૦ દિવસ ચાલે એટલી જળરાશી બચી

પર્યાવરણલક્ષી પાસાઓનાં પૂર્ણ શક્યતાદર્શી અહેવાલમાં તમામ વિગતો અને પરીયોજનાનાં પાસા સામેલ કરી સદર અહેવાલને કેન્દ્ર અને ગુજરાત સરકાર સમક્ષ મુકવામાં આવશે. જરૂરી મંજૂરી મળી જવાથી સત્વરે યોજના શરૂ કરવામાં આવશે અને સમયસર પૂરી કરવામાં આવશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, કલ્પસર યોજના સાકાર થવાથી આશરે ૧૦.૫૪ લાખ હેક્ટર સૌરાષ્ટ્ર વિસ્તારને સિંચાઈ, પીવાનું પાણી અને ઔદ્યોગિક હેતુ માટે પાણી મળતું થશે. પવન તથા સૌરઉર્જા, જમીનનું નવસાધ્યકરણ તથા પ્રવાસન જેવા ઘણા લાભો મળશે.(૨.૧૨)

## કોંગ્રેસ દ્વારા જિલ્લા પંચાયત ચોકમાં 'બોજમુક્ત રાજકોટ'ની નવતર લડતના મંડાણ

# ઈ-મેમો વિરૂધ્ધ સહી ઝુંબેશ: ૧૫ કાર્યકારોની અટકાયત






### રાજકોટની જનતા પર કરોડો રૂપિયાના પેન્ડિંગ ઈ-મેમાનો બોજો માફ કરવાની માંગણી સાથેના આંદોલનને સામાજિક આગેવાનો અને વકીલોનો ટેકો

### દરેક વોર્ડ ઉપરાંત શાળા-કોલેજો સુધી સહી ઝુંબેશ કરીને સરકાર સમક્ષ મુકાશે, જરૂર પડ્યે મોટા જન આંદોલનની પણ ચીમકી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

રાજકોટમાં પોલીસે વાહન ચાલકોને આડેધડ સેંકડો ઈ-મેમો વડે આકરો દંડ ફટકાર્યા બાદ હવે પઠાણી ઉઘરાણી ચાલુ કરતા જનાક્રોશ વધવા લાગ્યો છે. ત્યારે આજે કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા જિલ્લા પંચાયત ચોક ખાતે બોજમુક્ત રાજકોટની નવતર લડતનાં મંડાણ કરવામાં આવ્યા હતા. જેમાં ઈ-મેમો વિરૂધ્ધ સહી ઝુંબેશ કરતા પોલીસ દ્વારા ૧૫ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

રાજકોટની જનતા પર કરોડો રૂપિયાના પેન્ડિંગ ઈ-મેમોનો બોજો માફ કરવાની માંગણી સાથેના આંદોલનને આજે સામાજીક આગેવાનો અને વકીલો દ્વારા સમર્થન સાથે ટેકો આપવામાં આવ્યો હતો. હવે શહેરના દરેક વોર્ડ ઉપરાંત શાળા-કોલેજો સુધી અહીં ઝુંબેશ કરીને સરકાર સમક્ષ મુકાશે અને જરૂર પડ્યે મોટા જનઆંદોલનની પણ ચીમકી અપાઈ છે.

આજે જિલ્લા પંચાયત ચોક ખાતે બોજમુક્ત રાજકોટ કાર્યક્રમ અંતર્ગત સહી ઝુંબેશ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસ અને NSUIના કાર્યકરો ચોકમાં પ્લેકાર્ડમાં ઈ-મેમો માફ કરાવવા માટે વાહનચાલકોને અભિયાનમાં જોડાવોના અપીલ કરતા સ્લોગન સાથે ઉભા રહી નામ,નંબર અને સહી કરાવી હતી. તમામ વાહનચાલકો ઈ-મેમાથી ત્રાહિમામ હોવાથી મોટી સંખ્યામાં લોકોએ સહી કરી સમર્થન આપ્યું હતું. આ સહી ઝુંબેશમાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અશોક ડાંગર, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ અર્જુન ખાટરીયા,વિપક્ષનેતા ભાનુબેન સોરાણી,કાર્યકરી પ્રમુખ સંજય અજુડીયા, ડો. ધરમ કાબલીયા , મહિલા કોંગ્રેસ પ્રમુખ મનીષાબા વાળા તેમજ વકીલોમાં જીગ્નેશ જોષી,કુલદીપસિંહ ઝાલા તેમજ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ મયુર વાંક,પ્રદેશ મહામંત્રી પ્રદીપ ડોડીયા, NSUIના પ્રમુખ રોહિતસિંહ રાજપુત, અભિરાજ તલાટીયા,મોહીલ ડવ,મીત પટેલ,જીત સોની, હર્ષ આશર, યશ ભીંડોરા,કરણ હુબંલ,પુજન પટેલ, બંધન પટેલ, રીયાઝા સુમરા સહિત કાર્યકરો જોડાયા હતા અને સામાજિક સંગઠનના આગેવાનો હાજર રહ્યા હતા.

આ અંગે NSUIના પ્રમુખ રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, અમારો ઈરાદો લોકોને ગેરમાર્ગે દોરવાનો કે ટ્રાફિક નિયમો લોકો તોડે એવો નથી પરંતુ તંત્ર આડેધડ ટાર્ગેટ પુરા કરવા જો દંડો કરી જનતાને મૂર્ખ બનાવી એની વિરુદ્ધનો છે. સરકારે પહેલા સવલતો આપવી જોયે પછી દંડ વસૂલવા જોઈએ. બોજમુક્ત રાજકોટ કાર્યક્રમ અંતર્ગત સહી ઝુંબેશ અભિયાન રાજકોટના વોર્ડ દીઠ શેરી ગલીમાં જનતા સમક્ષ કાર્યકરો જવાના છે તેમજ રાજકોટની તમામ યુનિવર્સિટીઓ, કોલેજો અને સ્કૂલોમાં રૂબરૂ જઈ સહી કરાવીશું અને વિદ્યાર્થીઓના પરિવારના સભ્યોનું સમર્થન મેળવીશું. આ જ બાબતે લોકો ઓનલાઇન ઝુંબેશમાં સમર્થન આપી શકે તે માટે જરૂર પડ્યે પોર્ટલ લિંક પણ જાહેર કરવાના છે. વિશેષ જણાવ્યું હતું કે, લોકોએ જાગૃત બની આ બાબતે અવાજ ઉઠાવવો જોઈએ આ કરોડોની દંડની રકમ કાઈ નાની નથી! લોકો જાગૃત થશે તો બધું શક્ય છે ચૂંટણી પણ નજીક જ છે. જો મોટા ઉદ્યોગપતિઓના દેવા અબજોના માફ સરકારે કરેલા જ છે. ભાજપના આટલા આગેવાનો રાજકોટમાં છે છતાં કેમ ચૂપ છે ? ખુલીને આ બાબતે સરકારમાં રજૂઆત કરવી જોઈએ.

## શાંતિ-એખલાસ સાથે અષાઢી બીજ ઉજવીએ: ધારાસભ્ય ગોવિંદ પટેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦



અષાઢી બીજની ભગવાન જગન્નાથજીની રથ યાત્રા શાંતિ પૂર્ણ અને એખલાસ ભર્યા વાતાવરણમાં પુરી થાય તેવી એક અપીલ રાજકોટના ધારાસભ્ય ગોવિંદ પટેલે કરી છે.

તેમણે જણાવ્યું છે કે વર્ષોની પરંપરા મુજબ ભગવાન જગન્નાથજી તેના ભાઈ અને બહેનની સાથે દર અષાઢી બીજના દિવસે નગરયાત્રાએ નગરજનોને આશીર્વાદ અપાવા માટે નીકળે છે. ત્યારે સૌ નગરજનો ભગવાનના એ આશીર્વાદ લઈને સુખી સંપન્ન થઇએ. સમગ્ર રાજકોટની જનતાને સુરક્ષા કર્મીઓ પોલીસ તંત્રની વ્યવસ્થામાં સાથ અને સહયોગ આપીએ અને રાજકોટ તથા રાજ્યની શાંતિ અને એખલાસ પૂર્ણ વાતાવરણને જીવંત રાખીએ. આવતીકાલની અષાઢી બીજની સર્વને શુભકામના પાઠવી રાજ્ય સરકાર દ્વારા રાજકોટના ઘણા વિસ્તારોની અશાંત ધારાની માંગને સ્વીકારવા બદલ પણ અભિનંદન પાઠવેલ છે.

## જસદણમાં વરૂણદેવને રીઝવવા કાલે શ્વાનોને ભોજન અપાશે



**(કરશન બામટા દ્વારા)**
જસદણ, તા.૩૦

જસદણમાં અષાઢી બીજ નિમિત્તે વરૂણદેવને રીઝવવા શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઇ રાઠોડ, મહામંત્રી ભરતભાઈ છાયાણી, જસદણ શહેર ગૌરક્ષા સમિતિના પ્રમુખ દીપુભાઈ ધોબી, અરૂણભાઈ વધાસીયા, વેલજીભાઈ હીરપરા, દિપકભાઈ હીરપરા, પરદીપભાઈ હીરપરા જસદણ માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર ભરતભાઈ એલ. છાયાણી, ચંદુભાઈ રસોયા તેમજ રામેશ્વર યુવક મંડળ તેમજ રામેશ્વર મંદિરના સંયુકત ઉપક્રમે ભોજનનું આયોજન રાખેલ છે તેમજ કુતરાઓના લાડુ બન્યા બાદ જસદણ શહેર યુવા ભાજપ ટીમ દ્વારા શેરીએ શેરીએ શ્વાન લાડુ ખવડાવવામાં આવશે.

## દામનગરમાં ગાયત્રી મંદિર ખાતે નેત્રયજ્ઞ, ચિકિત્સા કેમ્પ સંપન્ન



**(નટવરલાલ ભાતિયા દ્વારા)**
દામનગર, તા.૩૦

દામનગર શકિતપીઠ ગાયત્રી મંદિર ખાતે સિનિયર સીટીઝન ટ્રસ્ટ અને ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ૩૯ મો નેત્રયજ્ઞ અને હોમિયોપેથીક કેમ્પ યોજાયો હતો. રાજકોટ સ્થિત સંત શ્રી રણછોડદાસ બાપુ ટ્રસ્ટ હોસ્પિટલની તબીબી સેવાએ યોજાયેલ નેત્રયજ્ઞમાં આંખને લગતા તમામ દર્દની તપાસ સારવાર સંપૂર્ણ વિનામૂલ્યે મોતિયાના દર્દીઓને નેત્રમણી આરોપણ સાથે દવા ટીપા ચશ્મા રહેવા જમવા લાવવા લઈ જવાની સુવિધા સંપૂર્ણ વિનામૂલ્યે અપાઈ હતી.

ગુજરાત સરકારના હોમિયોપેથીક દવાખાના વિભાગના ડો.જેઠવા અને ડો.જોશીની સેવા સાથે નેત્રયજ્ઞ સાથે સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો.

## મોરબી એલસીબીમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ નિરવ મકવાણાને શ્રેષ્ઠ કામગીરી બદલ પુરસ્કાર એનાયત

ગુજરાતના ડીજીપી હસ્તે પુરસ્કાર એનાયત કરાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** મોરબી, તા.૩૦: મોરબી જીલ્લામાં પ્રસંશનીય કામગીરી કરવા બદલ મોરબી એલસીબીમાં હેડ. કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નિરવ મકવાણાને ગુજરાતના ડીજીપી હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**

## સુપ્રીમ એન્જિનિયરીંગને પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો

### ભારત સરકારના ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિશિષ્ટ બહુમાન

મુંબઈ, તા.૩૦

સુપ્રીમ એન્જીનીયરીંગ લી. કંપનીને ભારત સરકારની આર એન્ડ ડી એજન્સી ડીઆરડીઓનો પ્રતિષ્ઠિત ઓર્ડર મળ્યો છે. આ એજન્સી યુરોપ કંપનીઓના મીસાઈલ્સ ડેવલપમેન્ટમાં પ્રવૃત્ત છે.

યુરોપનો જે નિકાસ ઓર્ડર છે તે એઈજ-હાર્ડનેબલ નીકલ-કોબાલ્ટ સુપરએલોય, ગ્રેડ એમપીઉપએનને લગતો છે. આ મટીરીયલ અલ્ટ્રા-હાઈ સ્ટ્રેન્ગથ, ટફનેસ, ડકટીલીટી, ભારે કાટપ્રતિરોધક છે. તે ફોર્મ્યુલા વન, સ્પેસ, ઓઈલ અને ગેસ અપ્લીકેશનના દેશીકરણ અને ઉત્પાદનમાં કામ આવે છે. ડીઆરડીઓને સપ્લાય કરાતું નીકલ આધારીત સુપરએલોયઝ જે છે તે એજન્સી મીસાઈલ્સના ડેવલોપમેન્ટમાં પ્રવૃત્ત છે. સંરક્ષણ મંત્રાલય, સ્પેસ અને એટોમીક એનર્જી હેઠળના તમામ તંત્રોને નિયમિત મટીરીયલ પૂરો પાડવાની માન્યતા સુપ્રીમ અગાઉથી જ ધરાવે છે.

૧૯૯૭માં સ્થપાયેલી સુપ્રીમ એન્જીનીયરીંગ લી. ના બે ઉત્પાદક એકમો છે. મહારાષ્ટ્રમાં ખાપોલી યુનિટનું સ્પેશિયલ સ્ટીલ ડિવિઝન છે જે એકઝોટીક એલોયઝ અને સ્પેશિયલ સ્ટીલ બનાવે છે. ભારતમાં ખાનગી ક્ષેત્રે સુપ્રીમ એક જ એવી કંપની છે જે એકઝોટીક સ્ટીલનું ઉત્પાદન કરે છે. કંપનીનું બીજું યુનિટ મહારાષ્ટ્રમાં નવી મુંબઈમાં છે જે વાયર ડિવિઝન પ્લાન્ટ ધરાવે છે. સંરક્ષણ મંત્રાલય, અવકાશ અને ઓટોમીક એનર્જી મંત્રાલય હેઠળના ઓર્ગેનાઈઝેશનોને મટીરીયલ સપ્લાય કરે છે.

### ભારત-તિબ્બત સંઘના ગુજરાત પ્રાંત ઉપાધ્યક્ષ પદે

## અર્ચનાબેન ઠાકરની વરણી કરાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩૦: ગુજરાત પ્રાંત ઉપાધ્યક્ષ પદે અર્ચનાબેન ઠાકરની નિમણુંક કરવામાં આવી છે. હાલ ભાજપ મહિલા વિભાગમાં ઉપપ્રમુખપદે વિદ્યાર્થી પરિષદના પૂર્વ કાર્યકર છે. અર્ચનાબેન નયનભાઈ ઠાકર, અમદાવાદ ખાતે રહે છે. તેમને નિમણુંક ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ પદે કરવામાં આવતા ભારત-તિબ્બત સંઘના ભાવેશ જોષી (બાપજી) પ્રદેશ અધ્યક્ષ ગુજરાત પ્રાંત અને ડો. મૃણાલીની ઠાકર પ્રદેશ અધ્યક્ષ મહિલા વિભાગ ગુજરાત પ્રાંત તથા પ્રાંતના અગ્રણીઓ તથા રાજકોટ મહાનગર અધ્યક્ષ યોગીનભાઈ છનીયારા, યુવા વિભાગ રાજકોટ મહાનગર અધ્યક્ષ ભવદિપ ત્રિવેદી તથા નિખીલભાઈ ભટ્ટ, ડો. રીનાબેન દવે, દિવ્યાબેન ભટ્ટ, ડો.અર્જુન દવે, લતાબેન ચૌહાણ, પી.ડી. ઠાકર, ડો.વિજયભાઈ પીઠડીયા વગેરે હોદ્દેદારોએ આવકારી શુભેચ્છા પાઠવી છે. પ્રદેશ મહામંત્રી હિરેનભાઈ શાહે પણ શુભેચ્છા પાઠવી છે.

## સી.એમ.શેઠ પૌષધશાળાના આંગણે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ સંપન્ન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી.એમ.શેઠ પૌષધશાળાના આંગણે ગોંડલ સંપ્રદાયના પરમશ્રધ્યેય પૂ.શ્રીધીરજમુનિ મ.સા.ના આજ્ઞાનુવર્તિ પૂ.પારસમૈયા (પૂ.રંભાબાઈ મહાસતીજીના સુશિષ્યા)સ્વાધ્યાય પ્રેમી પૂ.વિમળાજીમહાસતીજી, તપસ્વીરત્ના પૂ. પદ્માજી મહાસતીજી એવમ ઉત્સાહી પૂ. જિજ્ઞાજી મહાસતીજી આદી ઠાણા-૩નું ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ કરવામાં આવેલ હતો. શેઠ ઉપાશ્રયેથી સંઘાણી સંપ્રદાયના પૂ. મહાસતીજીઓ આ ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશમાં પધારેલા હતા. આ ચાતુર્માસ પ્રવેશમાં હાજર રહેલા પ્રમુખો ભરતભાઈ દોશી, કિરીટભાઈ શેઠ, મહાવીરનગરના પ્રમુખ પ્રફુલભાઈ જસાણી, ભુપેન્દ્રભાઈ બાટવીયા, શેઠ ઉપાશ્રયથી રમેશભાઈ શેઠ, તનસુખભાઈ સંઘવી વિ. ઉપસ્થિત રહેલા હતા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠએ પ્રવચન આપેલ હતું. કાર્યક્રમનું સંચાલન વિણાબેન શેઠ એ કરેલ હતું. તેમ જણાવ્યું છે.

## આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને વ્હીલચેર અપાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩૦

આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુંબઈના નાલાસોપારા ખાતે ગુરૂ ભગવંતની હાજરીમાં ૫૦ થી વધુ જરૂરિયાતમંદ હેન્ડીકેપ વ્યક્તિઓને વ્હીલચેર, ટ્રાઇસાઇકલ, વોકરનું અનુદાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદઘાટન દાતાઓ અને મહેમાનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં ૧૦૦થી પણ વધુ વ્હીલચેરનું અનુદાન દાતાઓના સહયોગથી કરવામાં આવ્યું છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને ટ્રાઇસાઇકલ આપીને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરી હતી. જરૂરિયાતમંદ દર્દીઓને વ્હીલચેર આપવાનું કાર્ય સફળ બનાવવા માટે આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટના જયેશભાઈ શાહ (જરીવાલા), ભરતભાઇ મહેતા, અશોકભાઈ લોઢા, હિતેશભાઈ સંઘવી તેમજ સાથી ટીમએ જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું છે.

### આજકાલના સિનિયર રિપોર્ટર જિજ્ઞેશ બરછાના માતાનું અવસાન



રાજકોટ: રાજકોટ નિવાસી જયશ્રીબેન દિનેશભાઇ બરછા (ઉ.વ.૬૭) તે દિનેશભાઇના પત્ની, મથુરાદાસ ત્રિભોવનદાસ બરછાના પુત્રવધુ, કરશનદાસ નેણસીભાઇ ભીમજીયાણીના પુત્રી તથા જિજ્ઞેશભાઇ (સિનિયર રિપોર્ટર, આજકાલ દૈનિક), સમીરભાઇ, મિહિરભાઇના માતા તેમજ અનિલભાઇ, દિલીપભાઇ, વિજયભાઇ અને હસમુખભાઇના ભાભીનું તા.૨૭ને સોમવારે અવસાન થયેલ છે. સદગતનું ટેલિફોનિક ઉઠમણું અને પિયરપક્ષની ટેલિફોનિક સાદડી આજે તા.૩૦ને ગુરૂવારે સાંજે ૪ થી ૫ કલાક દરમિયાન રાખેલ છે.

### ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ અંતર્ગત

## શહેર યુવા ભાજપ દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં રકતદાન કેમ્પ યોજાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ અંતર્ગત રક્તદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ હોય, તે અંતર્ગત રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વોર્ડમાં તબકકાવાર મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને આ રક્તદાન કેમ્પો થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવેલ.

ત્યારે યુવા મોરચાના પ્રમુખ કિશન ટિલવા, મહામંત્રી કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયાની આગેવાનીમાં વિવિધ વોર્ડમાં રક્તદાન કેમ્પ યોજાયેલ આ રક્તદાન કેમ્પનો પ્રદેશ ભાજપ મહામંત્રી રત્નાકરજી અને વિનોદભાઈ ચાવડા, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ભરતભાઈ બોઘરા, સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ સહિતના અગ્રણીઓએ દીપ પ્રાગટય કરી કરાવ્યો હતો. આ તકે ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, સુરેન્દ્રનગર ભાજપ પ્રભારી નિતિન ભારદ્વાજ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે વિવિધ વોર્ડમાં વોર્ડના પ્રભારી, વોર્ડપ્રમુખ- મહામંત્રી, મોરચા-સેલના પ્રમુખ, મહામંત્રી તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી કુલદીપસિહ જાડેજા, હેમાંગ પીપળીયાની આગેવાનીમાં પ્રવીણ સેગલીયા, ગૌરવ મહેતા, મવડી ગામના આગેવાન અને અગ્રણી ઉદ્યોગપતિ ધીરૂભાઈ સોરઠીયા, અંકીત સોરઠીયા તેમજ વોર્ડના યુવા મોરચાના પ્રમુખ-મહામંત્રી, શહેર કારોબારી તેમજ બહોળી સંખ્યામાં યુવા મોરચાના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.આ રક્તદાન કેમ્પમાં વોર્ડ નં.૧૧ માં ૧૭૫૭ બોટલ રક્ત એકત્ર કરાયું હતું અને બહોળી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**

# અનાજના કૌભાંડકારો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધવા માંગ



## રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા આજે રાજકોટ કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદન પત્રમાં જણાવ્યું છે કે, ગત તા.૨૯-૬ ના રોજ ૩૧૪૦૦ કિલો સસ્તા અનાજનો ગેરકાયદેસર રાખેલ સ્ટોક રાજકોટના પરસાણાનગર વિસ્તારમાંથી રાજકોટના પુરવઠા તંત્રની રેડ દરમ્યાન મળી આવેલ છે જે અંગે તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવેલ ન હોય હાલનું આવેદનપત્ર પાઠવવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

આ પ્રકારની કાર્યવાહી જવાબદારો કેટલા સમયથી ચલાવી રહ્યા છે. આજદીન સુધી આ પ્રકારે કેટલા રૂપિયાનું અનાજ કાળાબજાર કરવામાં આવેલ છે. જે પ્રકારે અનાજનો જંગી પુરવઠો રેઈડ દરમ્યાન મળી આવેલ છે તે જોતા આ સમગ્ર કોભાંડ માત્ર લાભાર્થીઓએ આટલા મોટા જથ્થામાં અનાજ કૌભાંડકારને વેચેલ હોય તેવું પ્રથમ દર્શનીય શકય લાગતુ નથી જેથી આમા સસ્તા અનાજની દુકાનો ચલાવનાર પણ સામેલ હોય.

આ સમગ્ર કૌભાંડમાં અનાજનો જથ્થો કયાંથી અને કેવી રીતે મેળવવામાં આવતો હતો , અને કોને અનાજ વેંચાણ કરવામાં આવતું હતું તે અંગેની કૌભાંડકારોની મોડસ ઓપરેન્ડી વિશે પણ પોલીસ તપાસ થવી અત્યંત આવશ્યક છે અને આ પ્રકારનું કૌભાંડ રાજકોટ સિવાય અન્યબીજી કોઈ જગ્યાએ ચલાવવામાં આવી રહેલ છે કે તે અંગે પણ પોલીસ તપાસ થવી અત્યંત આવશ્યક છે. આ સમગ્ર કૌભાંડમાં સામેલ અનાજનો જથ્થો જેની જેની પાસેથી મેળવવામાં આવેલ હોય તે તમામ લોકોને આ કૌંભાડમાં મદદગારી સબબ આરોપી બનાવી તમામ જવાબદાર વિરૂધ્ધ દાખલારૂપ કાર્યવાહી કરવા અમારી માંગણી છે જેથી કરીને આવનાર ભવિષ્યમાં આ પ્રકારની કરતુત કરતાં કોઈપણ વ્યક્તિ ૧૦૦ વાર વિચાર કરે.આ કૌભાંડ આચરનારાઓએ સરકાર તેમજ પ્રજા સાથે વિશ્વાસઘાત છેતરપીંડી આચરી કાળા બજારના કાયદા હેઠળ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે જે તમામ હકીકતોને ધ્યાને લઈ કૌભાંડકારો વિરૂધ્ધ તાત્કાલિક અસરથી વિશ્વાસઘાત છેતરપીંડી હેઠળ તેમજ સરકાર તિજોરીને નુકશાન પહોંચાડયા સબબ તેમજ પ્રિવેન્સન ઓફ બ્લેક માર્કેટીંગ એકટ મુજબની ફરિયાદ નોંધી દાખલારૂપ કાર્યવાહી કરવા અમારી માંગણી છે. કૌભાંડકારો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધી કાનુની કાર્યવાહી કરવામાં નહી આવે તો ના છુટકે આ અંગે આમ આદમી પાર્ટી દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન છેડવાની ફરજ પડશે. તેમ જણાવ્યું છે.

## શહેર ભાજપ અનુ.જાતી મોરચા દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦



રાષ્ટ્રીય જનતા પાર્ટીની યોજનાનુસાર તા.૧૬ જુનથી સમગ્ર દેશભરમાં પ્રાથમિક સદસ્યતા અભિયાનનો પ્રારંભ થયેલ છે તે અંતર્ગત ગુજરાતમાં પણ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના નેતૃત્વમાં પ્રાથમિક સદસ્યતા અભિયાન કાર્યરત છે તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ મોરચા અને સેલ દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાનની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. તે અંતર્ગત શહેરના થોરાળા ખાતે દલિત વિસ્તારોમાં પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી કિશોર રાઠોડની ઉપસ્થિતિમાં અને શહેર ભાજપ અનુ.જાતી મોરચાના પ્રભારી અને શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયાની આગેવાનીમાં પ્રાથમિક સદસ્યતા અભિયાન યોજાયેલ હતું. આ તકે જીણાભાઈ ચાવડા, શિક્ષણ સમિતિ સદસ્ય રવિ ગોહેલ, ડી.બી. ખીમસુરીયા,જયસુખ બારોટ, શોભીત પરમાર, દેવજીભાઈ ખીમસુરીયા, શામજીભાઈ ચાવડા, મહેશ બથવાર, વિનોદ કુમારખાણીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

## 'જે થશે, જોયું જશે' ફિલ્મ થકી સેવાકર્ય



### આવકનો અડધો હિસ્સો શહીદ જવાનોના પરિવાર અને જરૂરિયાતમંદ દીકરીઓને અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

મોગલ મહેર ફિલ્મના બેનર તળે બનેલી અર્બન ગુજરાતી ફિલ્મ 'જે થશે, જોયું જશે' ના નિર્માતા કુલદીપ દવે છે. સહ નિર્માતા પલ્લવી કે. દવે, નટુભાઈ વાળા, દિવ્યકાંત બોરસદીયા, ડીરેક્ટર રાજા સાહેબ (મીઠાપુર) છે. જ્યારે કલાકારોમાં કિર્તીદાન ગઢવી, કુલદીપ દવે, નિકીતા પટેલ, સમર્થ શર્મા, નિરવ કલાલને જીગ્નેશ મોદી છે.

આજની યુવા પેઢીમાં હતાશાને કારણે આત્મ હત્યાના અને વ્યસનના બનાવો વધતા જાય છે ત્યારે પેઢીને જાગૃત કરી જીવન જીવવાની પ્રેરણા આપતી ફિલ્મ કિર્તીદાન ગઢવીના વિશેષ સહકારથી બનાવવામાં આવી છે.

ફિલ્મની આવકનો અડધો હિસ્સો શહીદ પરિવારોને જરૂરીયાતમંદ દિકરીઓને અર્પણ કરાશે.

'જે થશે, જોયું જશે' નું સંગીત રાહુલ મુજારીયા અને કિશોર ભટ્ટનું છે. ગીતો મીલીન્દ ગઢવી અને કુલદીપ દવેએ લખ્યા છે તો સ્વર કિર્તીદાન ગઢવી અને ચૈતાલી છાયાનો મળ્યો છે. કેમેરામેન પ્રકાશ ચાવડાએ ડાકોર, રાજકોટ, દુધાળા, ગલતેશ્વરને વડોદરા જેવા નયન રમ્ય લોકેશનમાં ફિલ્મને કચકડે કંડારી છે.

ફિલ્મનું ટાઈટલ 'જે થશે, જોયું જશે' યુવાનોને બિન્દાસ જીવન જીવવાની પ્રેરણા આપી રહી છે.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારોની મિટિંગ યોજાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજય શાખાના નવા વરાયેલા ચેરમેન અજયભાઈ પટેલ દ્વારા રેડક્રોસ આપના આંગણે કાર્યક્રમ ચાલુ કરવાની ચર્ચા થઈ રહી છે. જેમાં ગુજરાત રાજયએ ચાર વિભાગમાં વહેચવું અને એ મુજબ રાજકોટ સૌરાષ્ટ્ર વિભાગનું મુખ્ય મથક રહેશે અને રેડક્રોસ રાજકોટના ચેરમેન ડો.દિપકભાઈ નારોલા તેના કન્વીનર રહેશે.

આ કાર્યક્રમ અંતર્ગત એક ઝોનલ મીટીંગનું આયોજન તા.૨૬/૬/૨૦૨૨ને રવિવારના રોજ રેડક્રોસ રાજકોટના ઓડીટોરિયમમાં થયેલ અને આ મિટિંગ યોજાઈ હતી.રેડક્રોસની વિવિધ જીલ્લા અને તાલુકા શાખા દ્વારા આગામી વર્ષમાં જે કાર્યક્રમો અને પ્રવૃતિઓ કરવાની થાય તેની રસપ્રદ ચર્ચા થઈ અને અલગ-અલગ સમિતિઓની રચના કરવામા આવી.આમાં કન્વીનરની નીચે બે કો-ઓર્ડીનેટર નિમવામાં આવ્યા. અને સમિતિઓ જેવી કે (૧) થેલેસેમિયા પ્રિવેન્શન (૨) બ્રાંચ ડેવલપમેન્ટ (૩) જુનિયર/ યુથ રેડક્રોસ (૪) ફર્સ્ટ એઈડ (૫) બ્લડ સેન્ટર (૬) એલ્ડરલી હોમ કેરક્રોર્ષ (૭) ડિઝાસ્ટર મેનેજમેન્ટ વગેરેની રચના કરવામાં આવી શાખાઓ સમિતિઓ અને શાખાઓને વેગ વંતી અને પ્રવૃતિમય બનાવવા અંગે ચર્ચાઓ થઈ, આગામી દિવસોમાં રેડક્રોસ અનેકાનેક સામાજીક સેવાકીય પ્રવૃતિઓ થકી છેવાડાના માનવી સુધી પહોંચવાનો પ્રયત્ન કરશે.

## સરગમ પરિવારના સભ્યો માટે નાટ્ય શો યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦



સરગમ કલબ લેડીઝ કલબ સિનિયર સીટીઝન કલબ કપલ કલબ તેમજ આમંત્રિતો અને અધિકારીઓ માટે હેમુગઢવી નાટ્યગૃહમાં મુંબઈનું નાટક જુઠું બોલો જલસા કરો નામનો નાટ્ય શો યોજાયેલ. જેમાં કલાકાર તરીકે જયદિપ શાહ, પૂર્વી વ્યાસ, તેજશ શાહ, ચિંતન મહેતા, મૈત્રી રાયજાદા, ચિત્રક શાહ, જીતું કોટક,વગેરે અભિનયના ઓજસ પાથર્યા હતા.

આ કાર્યક્રમમાં વજુભાઈ વાળા, નાથાભાઈ કાલરીયા, રમણીકભાઈ જસાણી, હરદેવસિંહ જાડેજા, નવીનભાઈ ઠક્કર, રમેશભાઈ ઠક્કર, રમેશભાઈ જીવાણી, ડો. એમ.વી. વેકરીયા, કે.કે. જૈન, કૃણાલભાઈ મણીયાર, મીરાબેન દોશી, મનુભાઈ વઘાસીયા, કીર્તિબેન પોપટ, કાળુભાઈ ફૂલવાળા, રાજેન્દ્રભાઈ મહેતા, કરગથરા સાહેબ, શિવલાલભાઈ આદ્રોજા, વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

આ કાર્યક્રમ સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન નીચે ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયસુખભાઈ ડાભી, સુનીલભાઈ દેત્રોજા, કનૈયાલાલ ગજેરા, રમેશભાઈ અકબરી, અનવરભાઈ ઠેબા, મનમોહન પનારા, ગીતાબેન હિરાણી, જયશ્રીબેન મહેતા, ચેતનાબેન સવજાણી, જયશ્રીબેન વ્યાસ, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વર કમિટી મેમ્બરે જહેમત ઉઠાવેલ.

## રાજકોટના ભકિતનગર તેમજ આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

મહેસુલ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજકોટના ભકિતનગર તેમજ આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરતુ નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. અશાંત ધારા અંતર્ગત રાજકોટના ભક્તિનગર પોલીસ સ્ટેશન હેઠળના વોર્ડ નં.૧૧ માં નીલકંઠ પાર્ક સોસાયટી, મેહુલનગર, દેવપરા, ગોકુલનગર, મેઘાણીનગર, ગોવિંદનગર, ન્યુ કેદારનાથ, સૂર્યોદય સોસાયટી, ન્યુ સૂર્યોદય સોસાયટી, સોરઠિયાવાડી વિસ્તાર, વિવેકાનંદ સાગર સોસાયટી વિસ્તાર, ન્યુ સાગર સોસાયટી, વિવેકાનંદ કેદારનાથ સોસાયટી, પુનિત સોસાયટી, પટેલનગર સોસાયટી, મહેશ્વરી સોસાયટી, પરસાણા સોસાયટી, નવદુર્ગા રોડ, તક્ષશિલા સોસાયટી, યાદવનગર સોસાયટી, સિયાની સોસાયટી, કીર્તિધામ, ભોજલરામ સોસાયટી, મારૂતિનગર, નાલોદનગર, સોસાયટી, રાધાકૃષ્ણનગર, હુડકો-સી, ડી, ટાઈપ, દિપ્તીનગર સહિતના વિસ્તારો તેમજ આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળ કોઠારીયા વોર્ડ સમાવેશ તૃપ્તિ સોસાયટીમાં આગામી ચાર વર્ષ માટે અશાંત ધારા હેઠળ સ્થાયી પ્રોપર્ટીના ટ્રાન્સફર પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

## એચ.આઈ.વી. ગ્રસ્ત 300 બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

રાજકોટ ડીસ્ટ્રિક્ટ નેટવર્ક પીપલ લિવિંગ વીથ એચ.આઈ.વી. એઈડસ (આર.ડી.એન.પ્લસ) દ્વારા એચ.આઈ.વી. ગ્રસ્ત તથા અસરગ્રસ્ત ૩૦૦ બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરવાનો કાર્યક્રમ કલેકટર અરૂણ મહેશબાબુના અધ્યક્ષસ્થાને જૂની કલેકટર કચેરી ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે કલેકટર અરૂણ મહેશ બાબુએ બાળકોને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, બાળકો એ આવતી કાલનું ભવિષ્ય છે. ત્યારે સૌ બાળકો નિયમિત અભ્યાસ કરે, રમત-ગમતની પ્રવૃતિમાં ભાગ લઈને ખૂબ આગળ વધે અને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરે તેવી હું શુભકામના પાઠવુ છું. રાજકોટ જિલ્લામાં એચ. આઈ. વી. ગ્રસ્તને સરકારી સ્તરે મળતા દવા સહિતના લાભો માટે સરાહનીય કાર્ય થઈ રહ્યું છે.

આ તકે માનવ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ ઝીબાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી સંદિપ વર્મા અને વિરેન્દ્ર દેસાઈ, નાયબ મામલતદાર વર્ષાબેન વેગડા, ઉપપ્રમુખ ચેતનાબેન ગોહેલ, પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર પૂજાબેન વાઘમોર, અગ્રણી અમુભાઈ ભારદિયા, ડો.ઘનશ્યામભાઈ મહેતા, નરેન્દ્રભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ કાર્યક્રમનું સંચાલન પ્રમુખ જગદીશ પટેલે કર્યું હતું.

## આજે માધુભાઈ (માધુભગત) ની પુણ્યતિથિ નિમિતે ભવ્ય સંતવાણી



રાજકોટઃ આજે તા.૩૦ ને ગુરૂવારે રાત્રે માધુભાઈ માવજીભાઈ ચૌહાણ (માધુભગત) ની પુણ્યતિથિ નિમિતે ૧૦-૧૧ લક્ષ્મીવાડી, 'અનિલ એકવેરિયમ' ખાતે ભવ્ય સંતવાણીનો કાર્યક્રમ રાખેલ છે.

## વોર્ડ નં.૨ માં કોમન પ્લોટમાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦



વોર્ડ નં.૨માં શ્રીમદ પાર્કના કોમન પ્લોટમાં પેવિંગ બ્લોકનું નાખવાના કામનું ખાતમુહૂર્ત વોર્ડ નં.૨ના કોર્પોરેટરો ડો.દર્શિતાબેન શાહ, મનીષભાઈ રાડીયા, જયમીનભાઇ ઠાકર તથા મીનાબા જાડેજાના વરદ હસ્તે કરાયું

આ પ્રસંગે વોર્ડ પ્રભારી મનુભાઈ વઘાસીયા વોર્ડ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા, શહેર ભાજપ મંત્રી દિપાબેન કાચા તથા વોર્ડ અગ્રણીય ગુલાબસિંહ જાડેજા, નિલેશભાઈ તરૈયા, નિલેશભાઈ વ્યાસ, પુષ્પકભાઈ જૈન, અતુલભાઈ નથવાણી, રાજુભાઈ જોષી, સંજયભાઈ મિયાત્રા, કેયુરસિંહ ડોડીયા, અરવિંદભાઇ સોજીત્રા, અરજણભાઈ પટેલ, પરેશભાઈ ધામેચા, હિતેશભાઈ ઠાકર, દિનેશભાઈ મોલીયા, વજુભાઈ જોગીયા, હિતેશભાઈ પારેખ, અનુજભાઈ સોલંકી, જગદીશભાઈ વારિયા, વોર્ડ નં.૨ મહિલા મોરચા પ્રમુખ દેવ્યાનીબેન રાવલ, અગ્રણીય સીમાબેન અગ્રવાલ, શ્રધ્ધાબેન સીનોજીયા, અમીતાબેન પારેખ, વૈશાલીબેન, રેખાબેન ઠાકર, રાજુલબેન દોશી, નિશાબેન, રીટાબેન, ડોલીબેન પારેખ, બિંદુબેન, સરીતાબેન, દમયંતીબેન, રીટાબેન ચંદારાણા, ભારતીબેન સોલંકી, ઇલાબેન જોષી, મનુલબેન, નીરાલીબેન, નીનાબેન ગાંધી, જ્યોતિબેન પડિયા, હેતલબેન શાહ, મોનાબેન ચંદારાણા, વીણાબેન બારીયા વિગેરે ઉપસ્થિત રહેલ.

## લોકદરબારમાં ૧૦૦ થી વધુ પ્રશ્નોની રજૂઆત



### રાજકોટ જીલ્લા પંચાયત દ્વારા જસદણ પ્રાંત ઓફિસ ખાતે લોકદરબાર યોજાયો

### પ્રશ્નોનો તાત્કાલીક નિકાલ કરવા કડક સુચના અપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે ગ્રામ્ય પ્રજાના પ્રશ્નોના સ્થળ પર જ નિરાકરણ માટે રાજકોટ જીલ્લા પંચાયત ખાતે દર સોમવારે લોકદરબાર યોજાઈ રહ્યા છે.

જસદણ પ્રાંત ઓફીસ ખાતે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર, ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળિયા, જી.પંચાયત ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, જીલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીની ઉપસ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારના લોકો પોતાના પ્રશ્નો સરળતાથી રજુ કરી શકે તે માટે લોકદરબાર યોજવામાં આવેલ. આ લોકદરબારમાં જસદણ-વિંછીયા તાલુકાના સરપંચો તથા અરજદારોએ ૧૦૦ થી વધુ પ્રશ્નો રજુ કર્યા હતા. ત્યારે ગ્રામજનોના વિકાસના કામો સહિતના પ્રશ્નો સાંભળી તેનું સ્થળ ઉપર જ નિરાકાર લાવવા માટે સબંધિત વિભાગોને સુચના આપી હતી તેમજ ડી.ડી.ઓ. દ્વારા તમામ તલાટીઓને ગ્રામ પંચાયત ખાતે નિયમિત હાજર રહી પ્રજાલક્ષી કામગીરી કરી પ્રશ્નોનો ત્વરિત નિકાલ કરવા કડક સૂચનાઓ આપી હતી.

ત્યારે જસદણ- વિંછીયા પંથકના ગ્રામજનો દ્વાર લોકદરબાર દરમ્યાન આવેલ વિવિધ લોકપ્રશ્નોમાં નરેગાની કામગીરીને લગતા પ્રશ્નો, પંચાયત વિભાગના સ્ટાફની ઘટ અંગેના પ્રશ્નો, જુના એસ.ઓ.આર.ના પ્રશ્નો તેમજ એસ.ઓ.આર. ખૂબ નીચા હોય નવા એસ.ઓ. આર. મંજુર કરીએ પ્રમાણે વર્કઓર્ડર આપવા, રોડ- રસ્તાના પ્રશ્નો, ચેક ડેમ રીપેરીંગના પ્રશ્નો, જુના મંજુર થયેલા કામોમાં મુદત વધારા અંગેના પ્રશ્નો, શાળાઓમાં ખૂટતી સુવિધા અંગે તેમજ રેશન કાર્ડ, આધાર કાર્ડ અંગેના પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા.

આધાર કાર્ડની વધારાની કીટ બંને તાલુકા તથા તમામ તાલુકાઓમાં પ્રમુખ તથા ડીડીઓની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવશે.

આ તકે જસદણ પ્રાંત ઓફિસ ખાતે ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર, ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયા, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી સહિતના દ્વારા આ તમામ પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા ખાત્રી આપવામાં આવી હતી.

આ પ્રસંગે પરેશભાઈ રાદડિયા, અમૃતભાઈ મકવાણા, સંબંધિત વિભાગના અધિકારીઓ, સંગઠનના હોદેદારો તથા મોટી સંખ્યામાં સરપંચઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અષાઢી બીજનું મહત્વઃ રથયાત્રાનો શુભ દિવસ



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

અષાઢ સુદ બીજને શુક્રવાર તા.૧/૭ નાં દિવસે અષાઢી બીજ છે. અષાઢી બીજનાં દિવસે શુભ પુષ્પ નક્ષત્ર રાત્રીનાં ૩:૫૬ સુધી છે. આથી અષાઢી બીજનો દિવસ અને રાત્રી ઉત્તમ અને શુભ છે.

વર્ષનાં શુભ અને ઉતમ દિવસોમાં અષાઢી બીજ એ ઉતમ દિવસ ગણવામાં આવે છે. આખો દિવસ બધા જ શુભ કાર્યો માટે શુભ છે. આ દિવસે મુહૂર્ત જોવાની જરૂર નથી. અષાઢી બીજનાં દિવસે નવી દુકાનનું ઉદ્ઘાટન, ખાતમુહૂર્ત, વાસ્તુપૂજન, ચંડીપાઠ, ગ્રહશાંતિ હવન, શ્રીયંત્ર પુજા સ્થાપના, સોના-ચાંદીની ખરીદી, નવા વસ્ત્રોની ખરીદી કરવી, ઘરસામગ્રીની ખરીદી કરવી, જમીન-મકાનનો સોદો કરવો, સત્યનારાયણ ભગવાનની પૂજા કરવી, કથા કરવી ઉત્તમ ફળદાયી છે.

અષાઢી બીજનાં દિવસે સવારે વહેલા ઉઠી નિત્ય કર્મ કરી અને ત્યારબાદ એક બાજોઠ પર શ્રીકૃષ્ણ ભગવાનની છબી રાખી વિધિવત અબીલગુલાલ, કંકુ, ચંદન- ચોખા, ફૂલ ચડાવી નૈવેધમાં મીઠાઈ ધરવી, આરતી કરી અને પૂજન કરવું. ભગવાન પાસે પ્રાર્થના કરવી. જીવનમાં શાંતિની પ્રાપ્તિ થાય.

આખા વર્ષમાં અષાઢી બીજ જ એક એવો દિવસ છે કે જે દિવસે ભગવાન શ્રીકૃષ્ણ પોતે પ્રજાજનોને દર્શન આપવા નગરયાત્રા કરવા નીકળે છે. કહેવાય છે કે, અષાઢી બીજનાં દિવસે ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાત પૃથ્વી ઉપર દર્શન આપવા માટે આવે છે. આથી જ આ દિવસને ઉતમ ગણવામાં આવે છે.

અષાઢી બીજનાં દિવસે કચ્છી લોકોનાં નવા વર્ષનો પ્રારંભ થશે. આ દિવસે કચ્છી લોકો એકબીજાનાં ઘરે જઈ નૂતન વર્ષાભિનંદન કહે છે.

# દહીં, લસ્સી, છાસ, પાપડ, ગોળ, અથાણાં પર જીએસટી ઝીંકાયો

## ઈ–બિલને ફરજિયાત બનાવવાની મર્યાદા નક્કી કરવા અંગે રાજયો નિર્ણય કરશેઃ પેકિંગ, લેબલ કે બ્રાન્ડ વગરની આઈટમ પર જીએસટી લાગુ પડશે નહીં




**(એજન્સી સમાચાર)**

નવીદિલ્હી,તા.૩૦

દેશમાં મોંઘવારીએ માઝા મુકી છે,જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે, હવે પ્રજાને ફરી મોંઘવારીની માર સહન કરવી પડશે, કારણ કે જીએસટી કાઉન્સિલે કેટલાક બિનબ્રાન્ડેડ પેકેજડ ફૂડ આઇટમ્સ સહિત અનેક માલસામાન અને સેવાઓ પર મુક્તિ દૂર કરવા માટે મંત્રીઓની પેનલની ભલામણોને સ્વીકારી હતી. જીએસટી કાઉન્સિલે ઘણી સેવાઓ પર છૂટ પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે

મીટ, ફિશ, દહીં, પનીર અને મધ, ડ્રાઇડ મખના, ઘઉં જેવી પ્રિ-પેક્ડ અને લેબલ્ડ ફુડ આઇટમ જેવી ફૂડ આઇટમ પર હવે પાંચ ટકા જીએસટી લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત ચેક જારી કરવા માટે બેન્ક દ્વારા લેવામાં આવતા ચાર્જ પર પણ ૧૮ ટકા જીએસટી લાગુ પડશે. ટેક્સ માફી પાછા ખેંચી લેવાની રાજ્યોના પ્રધાનોના ગ્રુપની મોટાભાગની ભલામણોને જીએસટી કાઉન્સિલે સ્વીકારી હોવાથી આ તમામ ફૂડ આઇટમ મોંઘી બનશે. નકશા અને ચાર્ટ પર પણ ૧૨ ટકા ટેક્સ લાગુ પડશે. જોકે પેકિંગ, લેબલ કે બ્રાન્ડ વગરની આઇટમ પર જીએસટી લાગુ પડશે નહીં.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણના અધ્યક્ષતા હેઠળની બેઠકમાં જીએસટી રજિસ્ટ્રર્ડ બિઝનેસ માટે નિયમ પાલનની સંખ્યાબંધ પ્રોસિજરને બહાલી આપવામાં આવી છે.

જૂન ૨૦૨૨ પછી પણ રાજ્યોને વળતર આપવાના તથા કેસિનો, ઓનલાઇન ગેમિંગ અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા જીએસટી લાદવાના મહત્ત્વના મુદ્દાની બુધવારે ચર્ચાવિચારણા થશે. કર્ણાટકના મુખ્યપ્રધાન બસવરાજ એસ બોમ્બાઇના વડપણ હેઠળ રાજ્યના નાણાપ્રધાનોના ગ્રુપના વચગાળાના અહેવાલને કાઉન્સિલે સ્વીકાર્યો છે.

આ અહેવાલમાં ઇન્વેર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરમાં સુધારો તથા કેટલીક આઇટમ પરની ટેક્સ માફીને દૂર કરવાની ભલામણ કરાઈ છે. પ્રધાનોના ગ્રૂપે સંખ્યાબંધ સર્વિસિસ માટે જીએસટી માફીને પાછી ખેંચી લેવાનું સૂચન કર્યું છે.

હાલમાં દૈનિક ૧,૦૦૦થી ઓછા ભાડાના હોટેલ એકોમોડેશન પર જીએસટી લાગુ પડતો નથી, જેના પર હવે ૧૨ ટકા ટેક્સ લાગુ પડશે. પ્રધાનોના ગ્રુપે હોસ્પિટલ રૂમનો ચાર્જ દૈનિક ૫,૦૦૦થી વધુ હોય તેવા કિસ્સામાં રૂમ ભાડા પર ૫ ટકા જીએસટીની ભલામણ કરી છે. જોકે તેમાં આઇસીયુનો સમાવેશ થતો નથી. પ્રધાનોના ગ્રુપે પોસ્ટકાર્ડ અને ઇનલેન્ડ લેટર્સ સિવાયની પોસ્ટ ઓફિસની તમામ સેવાઓ પર ટેક્સ લાદવાની ભલામણ કરી છે. આ ઉપરાંત ચેક (લૂઝ કે બુકના સ્વરૂપ)માં ૧૮ ટકા ટેક્સ લાદવાની ભલામણ કરી છે. ગોલ્ડ, જ્વેલરી અને કિંમતી સ્ટોનના આંતરરાષ્ટ્રીય હેરફેર માટેના ઇ-વે બિલના સંદર્ભમાં કાઉન્સિલે ભલામણ કરી છે કે ઇલેક્ટ્રોનિક બિલને ફરજિયાત બનાવવાની મર્યાદા નક્કી કરવા અંગે રાજ્યો નિર્ણય કરશે.

મુસાફરી કરતી વખતે ૧૦૦૦ રૂપિયાથી ઓછા ભાડાવાળા રૂમ પર પણ જીએસટી વસૂલવામાં આવશે. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૫,૦૦૦ રૂપિયાથી વધુ ભાડે રૂમ લેવા પર પણ જીએસટી ચૂકવવો પડશે. આ સિવાય ડઝનબંધ અન્ય વસ્તુઓના જીએસટી દરમાં પણ વધારો કરવામાં આવ્યો છે અને આ તમામ વસ્તુઓ હવે પહેલા કરતા વધુ મોંઘી થશે.

રાજ્યોને વળતર ચાલુ રાખવા અંગે બેઠકમાં કોઈ નિર્ણય લઈ શકાયો નથી. વળતર અંગે ૧૭ રાજ્યો વતી તેમના મંતવ્યો મૂકવામાં આવ્યા હતા. રાજસ્થાન, છત્તીસગઢ, કેરળ, પશ્ચિમ બંગાળ જેવા રાજ્યો વળતરની મુદતને બેથી પાંચ વર્ષ સુધી લંબાવવાની માગણી કરી રહ્યા હતા, જ્યારે કેટલાક રાજ્યો પોતાના પગ પર ઊભા રહેવાની દલીલ કરીને વળતર સમાપ્ત કરવા સંમત થયા હતા. આ વર્ષે ૩૦ જૂને જીએસટી સિસ્ટમની શરૂઆતના પાંચ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને સિસ્ટમ અનુસાર રાજ્યોનું વળતર જુલાઈથી સમાપ્ત થઈ જશે. જીએસટી સ્લેબમાં ફેરફાર અંગે કોઈ ચર્ચા થઈ નથી. (૯)

## જસદણઃ ગોવર્ધનનાથજીની હવેલીમાં વ્રજરાજકુમાર દ્વારા બ્રહ્મસંબંધ અપાશે



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા. ૩૦

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની શ્રી ગોવર્ધનનાથજીની તથા શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં હિંડોળા મહોત્સવ દરમિયાન વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વૃજરાજકુમાર મહોદય દ્વારા બ્રહ્મસંબંધ આપવાનું આયોજન થયેલ છે. જે કોઈ ભાઈઓ બહેનોએ બ્રહ્મ સંબંધ લેવું હોય તેમણે જસદણ હવેલીમાં દિનેશભાઈ (મો. નં.૯૯૯૮૨૭૭૦૪૩) પર સંપર્ક કરવો અથવા હવેલી કાર્યાલય જસદણ ખાતે રૂબરૂ નામ નોંધાવી દેવા હવેલી ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે. તા. ૨૭ જુલાઇને બુધવારે સવારે પૂજ્ય મહારાજશ્રી દ્વારા બ્રહ્મસંબંધ આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમ માટે જસદણ હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલની આગેવાની હેઠળ ટ્રસ્ટીઓ ભરતભાઈ જનાણી, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી સહિતના લોકો જહેમત ઉઠાવી રહ્યા છે. (૧૩)

## શહેર ભાજપ દ્વારા કાલે અષાઢી બીજ નિમિતે શ્રી જગન્નાથજી રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાશે



### તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતાઃ મિરાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે, આવતીકાલે અષાઢી બીજ નિમિતે શ્રી જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા નીકળનાર રથયાત્રામાં ભગવાનશ્રી જગન્નાથજી, બહેનશ્રી સુભદ્રાજી તથા ભાઈશ્રી બલરામજી અલૌકિક રથમાં બિરાજમાન થઈ પરંપરાગત રાજકોટ મહાનગરના વિવિધ રાજમાર્ગો પર ધર્મપ્રેમી નગરજનોને દર્શનનો લ્હાવો આપી નગર યાત્રાએ પ્રસ્થાન કરશે, ત્યારે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની આગેવાની હેઠળ શહેર ભાજપ દ્વારા ભગવાન જગન્નાથજી રથયાત્રાનું આવતીકાલે સવારે ૧૦ કલાકે પુષ્કરધામ મંદિર સામે, પુષ્કરધામ મેઈન રોડ, એ.જી. ચોક પાસે ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ જાહેર અનુરોધ કર્યો છે.(૧.૧)

## રાજકોટ પ્રાણી ઉદ્યાન ખાતે દર ગુરૂવારે નિઃશુલ્ક પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતિઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે.

છેલ્લા ૧૦ વર્ષથી દર ગુરુવારે નિઃશુલ્ક પ્રકૃતિ શિક્ષણ શિબિરનું સફ઼તાપૂર્વક આયોજન કરવામાં આવે છે, જેમાં અંદાજિત ૨૦૦ શાળા-કોલેજનાં ૧૧,૦૦૦ શિબિરાર્થીઓએ નિઃશુલ્ક પ્રકૃતિ શિક્ષણ શિબિરનો લાભ લીધો છે તેમ, મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા તથા બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેન અનિતાબેન ગોસ્વામીએ સંયુક્ત યાદીમાં જણાવેલ છે.

## કેશોદ તાલુકામાં કળાયેલા મોરના મનમોહક દ્રશ્યોનો અમૂલ્ય નજારો



**(ગોવિંદ હડીયા દ્વારા)** કેશોદઃ તાલુકામાં ચોમાસાના પ્રારંભે ઓછા વધતા પ્રમાણમાં મેઘમહેર થવાથી ધરતીમાં નવી પ્રકૃતી ખીલી ઉઠી છે. જે પ્રકૃતીના જાણે વધામણાં કરતા હોય તેમ તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં નવી ખીલેલી પ્રકૃતિમાં આનંદ કરતા મોર તથા નાના બચ્ચા જોવા મળે છે. આવો દુર્લભ નજારો ભાગ્યે જ જોવા મળતો હોય છે, ત્યારે આવી અમૂલ્ય પળોને અમારા રીપોર્ટરે કેમેરામાં કંડારી છે. અષાઢ મહિનાનો પ્રારંભ થયો છે ત્યારે મેઘરાજા મહેર કરો તેવી જાણે મોર કળા કરી મેઘરાજાને રીઝવતા હોય તેવી કલ્પના થાય છે. રાષ્ટ્રીય પક્ષી મોરની વાત હોય ત્યારે સૌનું લોકપ્રિય બની ગયેલું 'મન મોર બની થનગાટ' કરેની પંકિતને જાણે સાર્થક કરતા હોય તેમ નવી ખીલેલી પ્રકૃતિથી જાણે લીલીછમ ધરતી જોવા મળે છે. તેમાં કળાયેલ મોર અને પ્રકૃતિમાં વિહરતા દ્રશ્યો જોઈ મન આનંદ વિભોર બની જાય છે.(૧૩)

## જસદણઃ ગોવર્ધનનાથજીની હવેલીમાં કાલે રથયાત્રાના ભવ્ય દર્શન યોજાશે



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા. ૩૦

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની શ્રી ગોવર્ધનનાથજીની તથા શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં આવતીકાલ તા.૧ને શુક્રવારે બપોરે ૧૨ કલાકે અષાઢી બીજ રથયાત્રાના ભવ્ય દર્શન યોજાશે. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશી દ્વારા ઠાકોરજીને ચાંદીના કલાત્મક રથમાં પધરાવવામાં આવશે.

રથયાત્રાના દિવસે સવારે ૮ થી ૯ અને બપોરે ૧૦-૩૦ કલાકે પણ ખાસ દર્શન યોજાશે. વિવિધ દર્શનનો લાભ લેવા હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલે અનુરોધ કર્યો છે. હવેલીમાં રથયાત્રા ઉત્સવના આયોજન માટે ટ્રસ્ટીઓ ભરતભાઈ જનાણી, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, સહમંત્રીઓ નિલેશભાઈ રાઠોડ, ટ્રસ્ટીઓ ભરતભાઇ ધારૈયા, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ બાબરીયા સહિતના લોકો જહેમત ઉઠાવી રહ્યા છે.(૧૩.૧૧)

### સંગીતપ્રિય રાજકોટ નગરીમાં સિંગર્સ કરાઓકે ગ્રુપ દ્વારા

## સુમધુર ગીતોની સંગીત મહેફીલ સંપન્ન

### શહેરના પ્રખ્યાત ગ્રુપના કલાકારોની ખાસ ઉપસ્થિતિ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

સંગીતપ્રીય નગરી રાજકોટની અંદર અનેક સંગીતપ્રિય સિંગરો પોતાના મધુરકંઠનો લાભ પ્રજાજનોને આપી રહ્યા છે. આવો જ એક અનોખો સંગીતનો કાર્યક્રમ રાજકોટ સિંગર્સ કરાઓકે ગ્રુપ તથા રૂષભ-વાટિકા આયોજીત જૂના નવા ગીતો કરાઓકે ટ્રેક ઉપર વિવિધ કલાકારોએ રૂષભ-વાટિકા ખાતે માણ્યો હતો.

આ કાર્યક્રમની અંદર રાજકોટના ઘણાબધા પ્રખ્યાત ગ્રુપના કલાકારોએ હાજરી આપી હતી. ચંદ્રકાંતભાઈ શેઠ, શોભનાબેન વિઠલાણી સહિતના વિવિધ મહાનુભાવોએ દીપ પ્રાગટય કરેલ હતું. રૂષભ વાટીકામાં દર મહીને અલગ અલગ સંગીતપ્રીય ગ્રુપોના સારા સારા કલાકારો માટે પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવે છે જેમાં એન્જીનીયર્સ, ડોકટરો, બિલ્ડર્સ, વકીલો આ સંગીતમય કાર્યક્રમમાં જોડાઈ છે.

શોભનાબેન વિઠલાણી દ્વારા આયોજીત અને શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ દ્વારા સંકલિત આ સુમધુર કાર્યક્રમની અંદર ઘણાબધા સિંગર્સએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં શોભનાબેન વિઠલાણી, ચંદ્રકાંતભાઈ શેઠ, ભરતભાઈ શુકલા, પંકજભાઈ ભોજાણી, મહેશભાઈ ચાવડા, ડો. દિનેશભાઈ શ્રીમાંકર, અંકિતભાઈ ત્રિવેદી, રાજુભાઈ સોની, પ્રિતીબેન ભટ્ટ, ડો. રંજનાબેન શ્રીમાંકર સહિતનાએ સુમધુર કંઠ દ્વારા ગીતો પીરસાવેલ હતા. (૧૩)

## રાજકોટમાં કાલે આઈશ્રી નાગબાઈ માઁના પ્રાગટ્ય મહોત્સવ, વિરાટ શોભાયાત્રા

### સવારે ૯.૩૦ વાગ્યે કિશાનપરા ચોક ખાતે પૂ.નાગબાઈ માતાની ૧૪ ફૂટ ઊંચી પ્રતિમાનું રાજકીય–સામાજીક અગ્રણીઓના હસ્તે પૂજન થયા બાદ શોભાયાત્રાનું પ્રસ્થાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માંના પ્રાગટય મહોત્સવ નિમિતે રાજકોટમાં આવતીકાલે તા. ૧ લી જુલાઈને શુક્રવારે અષાઢી બીજના પાવન પર્વે દિવ્ય શોભાયાત્રા અને મહાપ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ પરંપરાગત શોભાયાત્રાનું ઠેર-ઠેર વિવિધ જ્ઞાતિ-સમાજ અને સંગઠનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવશે. જેને પગલે ચારણીયા સમાજમાં જબરો ઉત્સાહ છવાયો છે.

રાજકોટમાં કિસાનપરા ચોકથી અષાઢી બીજે સવારે ૯:૩૦ વાગ્યે પરંપરાગત શોભાયાત્રાનો પ્રારંભ થશે. આ પ્રસંગે રાજકોટ મહાનગરના ડેપ્યુટી મેયર દર્શીતાબેન શાહ, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, દંડક સુરેન્દ્રસિંહ વાળા, શાસક પક્ષના નેતા વિનુભાઈ ધવા, ભાજપ કાર્યાલય મંત્રી જયંતભાઈ ઠાકર, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અતુલભાઈ પંડિત અને અન્ય સદસ્યો, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી મહેશભાઈ રાજપૂત, પૂર્વ વિરોધ પક્ષના નેતા-ગુજરાત કોંગ્રેસ મહિલા ઉપપ્રમુખ ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના અશોકસંહ ડોડીયા, શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, મનોજ ડોડીયા, આરએસએસ પ્રાંત સેવા પ્રમુખ નરેન્દ્રભાઈ દવે, રાજકોટ નાગરીક સહકારી બેંકના ચેરમેન, ભુદેવ સેવા સમિતિના સ્થાપક તેજશભાઈ ત્રિવેદી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તેમના હસ્તે આઈશ્રી નાગબાઈ માં ની ૧૪ ફુટ ઉંચી વિરાટ પ્રતિમાના પૂજન-અર્ચન કરવામાં આવશે અને ભવ્ય શોભાયાત્રાને પ્રસ્થાન કરાવશે. તેવું ચારણીયા સમાજના યુવા કાર્યકર હરેશભાઈ ચૌહાણ (મો. નં. ૯૭૨૩૯ ૩૮૩૩૩) અને પ્રવિણભાઈ ગોગીયા (મો. નં. ૮૧૬૦૬૦૨૭૭)એ જણાવ્યું છે.

### 'શાળા પ્રવેશોત્સવ' અંતર્ગત શશી અજવાસુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

## ડો. હેડગેવાર પ્રા.શાળા નં.૭૪ માં નોટબુક તથા વોટરબેગનું વિતરણ કરાયું





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

શશી અજવાસુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દતક લીધેલ ડો. હેડગેવાર પ્રાથમિક શાળા નં. ૭૪ માં કન્યા કેળવણી, 'શાળા પ્રવેશોત્સવ-૨૦૨૨' અંતર્ગત દરેક વિદ્યાર્થીઓને ૭ ચોપડા તથા નાના બાળકોને વોટરબેગનું પણ વિતરણ કરાયું હતું.

રાજકોટનાં શશી અજવાસુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા એક દાયકાથી જરૂરીયાતમંદ બાળકોને અવારનવાર સહાય, શહેરની અનેક ગૌશાળામાં ગૌમાતાને ઘાસચારો તથા લાડુ ખવડાવવાની સાથોસાથ ચકલીને પાણી પીવાના કુંડા-માળાનું નિઃશુલ્ક વિતરણ, શહેરભરમાં વૃક્ષો વાવો જીવન બચાવો અભિયાન અંતર્ગત પર્યાવરણ બચાવવાની કામગીરી કરવામાં આવે છે. સાથમાં જ વૃક્ષોના રોપાનું નિઃશુલ્ક વિતરણ જેવા સેવાકાર્યો કરવામાં આવે છે.

આ ચોપડા વિતરણ કાર્યક્રમને શુભેચ્છા પાઠવવા નરેન્દ્રસિંહ ઠાકુર (મહામંત્રી શહેર ભાજપ), સંગીતાબેન છાંયા (વાઈસ ચેરમેન નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ), ધૈર્યભાઈ પારેખ (સદસ્ય નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ), દિપાબેન કાચા (મંત્રી શહેર ભાજપ), શશી અજવાસુ ચેરીટેબલ ટ્રસ્ટના મુખ્ય પ્રણેતા પૂ.બાશ્રી ઉર્મિલાબેન ત્રિવેદી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા નં. ૭૪ ના આચાર્ય દર્શનાબેન જાની તથા સ્કૂલના તમામ સ્ટાફમિત્રોએ જહેમત ઉઠાવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**



PACKAGINGHUB

પ્રોડક્ટ આપકા, सजावट हमारी ।

Hitesh Kakadia | 93777 75636

6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

અન્ય યુનિ.ના ૧૦ ટકા, અન્ય સ્ટેટના ૫ ટકા વિદ્યાર્થીને પ્રવેશની છૂટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઓફલાઇન પ્રવેશ પ્રક્રિયા શરૂ

### પોસ્ટ ગ્રેજ્યુએશન માટે તા. ૪ સુધી ફોર્મ ભરાયા બાદ તા. ૮ મી એ મેરીટ લીસ્ટ જાહેર થશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએશન)ના અભ્યાસ માટેની પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર યુનિ.ના કુલ સચિવે એક પરિપત્રમાં તમામ ભવનના અધ્યક્ષોને આદેશ કર્યો છે કે, જે ભવનોમાં ઇન્ટેક કેપેસીટી કરતા ઓછા પ્રવેશ થયા હોય અને જગ્યા ખાલી રહેતી હોય તેવા ભવનોએ હવે વિદ્યાર્થીઓ પાસેથી ઓફલાઇન અરજીઓ સ્વીકારીને પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. આમ, પી.જી.માં પ્રવેશની સંપૂર્ણ જવાબદારી જે-તે ભવનના અધ્યક્ષના શીરે નાખવામાં આવી છે.


ગઇકાલે વધુ એક પરિપત્ર બહાર પાડીને કુલપતિએ

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટ માટે પીવાના પાણીનું આગોતરૂ આયોજન કરવા મુખ્યમંત્રીને રજૂઆત

# રાજકોટને પાણી પુરૂ પાડતા ડેમોમાં માંડ ૧૦ દિવસ ચાલે એટલી જળરાશી બચી

### ગુજરાત રાજ્ય ખાદ્યતેલ અને તેલીબીયા સંગઠનનાં પ્રમુખની લેખિત રજૂઆત, રાજકોટ માટે માત્ર સરદાર સરોવર ડેમ પર નિર્ભર રહેવું જોખમી



**કલ્પસર યોજનાનું ઝડપથી અમલીકરણ કરવા સંગઠનનાં પ્રમુખ સમીર શાહની માંગણી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

નબળા ચોમાસાને કારણે રાજકોટ શહેરનાં પાણીનાં સ્ત્રોત ડૂબી જવાને કારણે રાજકોટને પાણી પૂરું પાડતા ડેમોમાં માંડ ૧૦ દિવસ ચાલે એટલી જળરાશી બચી છે એ ધ્યાનમાં લઇ રાજકોટ માટે પાણીનું આગોતરું આયોજન ઝડપથી કરવા ગુજરાત રાજ્ય ખાદ્યતેલ અને તેલીબીયા સંગઠને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

સંગઠનનાં પ્રમુખ સમીર શાહે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરતા પત્રમાં દર્શાવ્યું છે કે, રાજકોટનાં ડેમોમાં માંડ ૮ થી ૧૦ દિવસ ચાલે તેટલી જળરાશી બચી છે. દુર્ભાગ્યે નર્મદા ડેમમાં પણ પાણીનો જથ્થો ઘણો ઓછો થઇ ગયો છે એટલે રાજ્ય સરકાર રાજકોટનાં ડેમોને નર્મદાનાં જળથી ભરવા માટે પણ થોડો ખચકાટ અનુભવી રહી છે. ગુજરાત ઝડપથી વિકસતું રાજ્ય છે. રાજ્યમાં મોટાપાયે નવા ઉદ્યોગો આવી રહ્યા છે. અન્ય રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં લોકો અહીં આવીને વસવાટ કરી રહ્યા છે. એટલે આગામી વર્ષોમાં પાણીની જરૂરિયાત અનેકગણી વધી જશે.

પત્રમાં દર્શાવ્યું છે કે, અમદાવાદ, કચ્છ અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રનો મોટો વિસ્તાર હાલનાં તબક્કે પણ નર્મદા ડેમનાં પાણી પર નિર્ભર છે. ક્યારેક ઓછો વરસાદ થાય અને સરદાર સરોવર ડેમમાં ઓછો જળસંગ્રહ થાય તો આ વિસ્તારોનું જળસંકટ અતિ તિવ્ર બની જાય. એ માટે આગોતરું આયોજન કરવું જરૂરી બન્યું છે.

પત્રમાં એવી રજૂઆત પણ કરવામાં આવી છે કે, એકલા સરદાર સરોવર ડેમ પર નિર્ભર રહેવું અતિ જોખમી છે. કેમકે તેમાં સંગ્રહ થતા પાણી પર ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા રાજસ્થાનનો પણ હક બને છે. એટલે જ એ ધ્યાનમાં લઇ ખંભાતનાં અખાત પર ડેમ બાંધી ત્યાં સંગ્રહ થતા ખારા પાણીને ક્રમશઃ મીઠાપાણીમાં રૂપાંતર કરતી બહુહેતુક કલ્પસર યોજનાને હવે ઝડપથી અમલી બનાવવાનું અનિવાર્ય છે. આ યોજનાનાં અનેકવિધ ફાયદા છે. જે આપના ધ્યાન પર હશે જ. આવી મહત્વની યોજનાનું અમલીકરણ વહીવટીતંત્રની આળસને કારણે અટવાયેલું રહે તે ગુજરાત જેવા રાજ્ય માટે શરમજનક છે. મુખ્યમંત્રીશ્રી અંગત રસ લઇ આ યોજના ત્વરાથી પૂર્ણ કરાવવાના પ્રયાસો કરે એવો સંગઠને અનુરોધ કર્યો છે. આવનારા દિવસોમાં જળ સમસ્યા ન સર્જાઈ અને તરસ લાગે ત્યારે કુવો ખોદવા જેવો ઘાટ ન સર્જાઈ એ માટે પગલા લેવા સંગઠને મુખ્યમંત્રીને વિનંતી કરી છે.

આ અગાઉ સૌરાષ્ટ્ર ઓઈલ મિલ્સ એસોસિએશને ગત ૧૯મી જૂન ૨૦૧૮ નાં રોજ એક પત્ર પાઠવીને કલ્પસર યોજના જલ્દીમાં જલ્દી સાકાર કરવા રાજ્યનાં નર્મદા, જળસંપતિ અને કલ્પસર મંત્રાલયને રજૂઆત કરી હતી. સંસ્થાને મંત્રાલય તરફથી જવાબ પણ મળ્યો હતો. મંત્રાલય તરફથી ખાતરી આપવામાં આવી હતી કે, આ યોજના શક્ય તેટલી જલ્દી પૂર્ણ કરવાનું આયોજન થઇ રહ્યું છે. અત્યારે વિવિધ તાંત્રિક, આર્થિક,

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ લોધિકા સંઘના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા ભાજપમાં જોડાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

રાજકોટ તાલુકાના કોંગ્રેસના પ્રમુખ સંજયભાઈ ખૂંટ અને લોધિકા તાલુકાના કોંગ્રેસના પ્રમુખ મયુરસિંહ જાડેજાની આગેવાનીમાં તેમજ જસદણ તાલુકાના આમ આદમી પાર્ટીના અસંખ્ય કાર્યકર્તાઓ હેમુ ગઢવી હોલ ખાતે રાજકોટ જિલ્લા ભાજપના અધ્યક્ષ મનસુખભાઈ ખાચરિયાના અધ્યક્ષ સ્થાને તથા સૌરાષ્ટ્ર ઝોનના મહામંત્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, જિલ્લા પ્રભારી રક્ષાબેન બોળીયાની વિશેષ ઉપસ્થિતિમાં કોંગ્રેસના મુખ્ય હોદેદારો તથા આમ આદમી પાર્ટીના મુખ્ય હોદેદારો સહિત ૨૫૦ કાર્યકર્તાઓને ભાજપનો કેસરિયો ખેસ અને કેશરી ટોપી પહેરાવીને ભાજપ પરિવારમા પ્રવેશ કરાવ્યો હતો.

**લોધિકા તાલુકા કોંગ્રેસના પ્રમુખ સહિત કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા**

રાજકોટ તાલુકા તેમજ લોધિકા તાલુકા કોંગ્રેસમાંથી સંજયભાઈ ખૂંટ પ્રમુખ રાજકોટ તાલુકા કોંગ્રેસ, મનસુખભાઇ રોકડ મહામંત્રી, કિશોરસિંહ ઝાલા ઉપપ્રમુખ, મુકેશભાઈ બાવરિયા ઉપપ્રમુખ, વલ્લભભાઈ ખૂંટ ઉપસરપંચ ખોખડદડ, નેમિસભાઈ આસોદરિયા, સુરેશભાઈ બાહુકીયા, નિશાંતભાઈ સિવાભાઈ સદસ્ય, ખોડાભાઈ બાવરિયા પ્રમુખ માંધાતા ગ્રુપ, કાળુભાઇ કુમારખાણીયા ઉમેદવાર જિયાણા, ખોડાભાઈ સોલંકી ઉમેદવાર સણોસરા, પ્રિયંકરભાઈ ખૂંટ યુવા મોરચો, નાગજીભાઈ સગપરિયા ઉમેદવાર ખેરડી. નિલેશભાઈ રિબડીયા સરપંચ ખેરડી ગામ, બાબુભાઇ કુમારખાણીયા ઉમેદબાર બેડલા, પરેશભાઈ ડોબરીયા સભ્ય દૂધ મંડળી તથા તમામ ટીમ સહીત ૧૫૦ લોકો સાથે ભાજપમાં જોડાયા હતા.

**'આપ'ના અનેક કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા**

આ તકે જસદણ તાલુકાના આમ આદમી પાર્ટીમાંથી આમ આદમી પાર્ટી જસદણ તાલુકાના મંત્રી જીતુભાઈ વિભાભાઈ સેગલીયા, પૂર્વ પ્રમુખ ગાંડુભાઈ જોગાણી, સોશિયલ મીડિયા ઇન્ચાર્જ મનીષભાઈ રાદડિયા, તાલુકા ઉપપ્રમુખ બાલાભાઈ મેવાડા, મંત્રી વિનોદભાઈ ડાભી, કારોબારી સભ્યઓ વિજયભાઈ ધોળકિયા, અતુલભાઈ જોગાણી, જીગ્નેશભાઈ ડાભી, અરવિંદભાઈ જોગાણી, ધીરુભાઈ ધોળકિયા, વિક્રમભાઈ મેવાડા, જીતુભાઈ કટોચણીયા, વિજયભાઈ ડાભી, કેશુભાઈ ડોબરિયા, નીલેશભાઈ રામોલીયા, ઘનશ્યામભાઈ કાપડિયા, અનીલભાઈ વાઘેલા, ઉમેશભાઈ ધોળકીયા, વાઘજીભાઈ જોગાણી, પ્રભાતભાઈ સેગલીયા, રણજીતભાઈ સેગલીયા સહીત જસદણ વિસ્તારના આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ જોડાયા હતા.

રાજકોટમાં આપ અને કોંગી કાર્યકરોના ભાજપ પ્રવેશ સમયે બાબુ નસીતની જીભ લપસી

# ....ને બોલી પડ્યા કે આજે બધા કોંગ્રેસમાં જોડાશે





**સૌરાષ્ટ્ર પ્રભારી વિનોદ ચાવડા સહિતના આગેવાનોએ કહ્યું, એ ભાઈ..કોંગ્રેસ નહીં ભાજપમાં જોડાશે.**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૩૦: ૨૦૨૨ની ચૂંટણી પહેલા રાજકોટ ગ્રામ્યની સીટ પર ભાજપે ખેલ પાડ્યો છે. શહેરના હેમુગઢવી હોલ ખાતે આજે રાજકોટ જિલ્લા કોંગ્રેસના અનેક 'આપ'ના આગેવાનો ભાજપમાં જોડાયા છે. પરંતુ મંચ પર ભાજપના જ નેતાએ ભગો કરતા સભાગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. જ્યાં આપ અને કોંગી આગેવાનોના પ્રવેશ સમયે રાજકોટ ભાજપના સહકારી આગેવાન બાબુ નસીતની જીભ લપસી હતી અને તેમણે કહ્યું હતું કે, 'આજે બધા કાર્યકરો કોંગ્રેસમાં જોડાશે.' બાબુ નસીતના આ નિવેદનથી સ્ટેજ પરથી સૌરાષ્ટ્ર પ્રભારી વિનોદ ચાવડા સહિતના આગેવાનોએ કહ્યું, એ ભાઈ..કોંગ્રેસ નહિ ભાજપમાં જોડાશે. તુરંત ભાજપ નેતા બાબુ નસીતએ પોતાનું નિવેદન બદલી નાખ્યું હતું પણ સભાગૃહમાં હાસ્ય ફેલાયું હતું.નોંધનીય છે કે, રાજકોટ તાલુકા કોંગ્રેસના પ્રમુખ સંજય ખુંટ અને લોધિકા તાલુકા કોંગ્રેસના પ્રમુખ મયુરસિંહ જાડેજાએ પણ ભાજપનો કેસ પહેર્યો છે. લોધિકા તાલુકા પંચાયતના ત્રણ સભ્યો સહિત ૧૫૦ જેટલા કોંગ્રેસીઓ ભાજપમાં જોડાયા છે.



# કાળા મરી અને શુધ્ધ ઘી (લુઝ)ના નમુના લેવાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે હનુમાન મઢી ચોક, કોટેચા ચોક, રાજનગર વિસ્તારમાં ચકાસણી તથા અવેરનેસ હાથ ધરવામાં આવેલ. જેમાં દર્શાવેલ વિગતો મુજબ કુલ ૨૦ પેઢીની ચકાસણી કરવામાં આવેલ. ચકાસણી દરમિયાન વેંચાણ થતાં ઠંડાપીણાં,

### ઠંડા પીણા, આઇસ્ક્રીમ વગેરેના કુલ ૧૩ નમુનાની ચકાસણી કરાઇ

આઇસક્રીમ, પ્રિપેર્ડ ફૂડ તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૩ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

મુરલીધર ફરસાણ, પારસ સ્વીટ માર્ટ, શક્તિ પાન, ક્રિષ્ના ખમણ હાઉસ, આશુતોષ કોઠી આઇસક્રીમ, ડિલક્સ પાન કોલ્ડ્રિંક્સ, કિસ્મત રેસ્ટોરન્ટ, કિસ્મત હોટેલ, ઈન્દોરી સ્વાદ, મહાવીર મિલ્ક પાર્લર, સાગર ફરસાણ માર્ટ, યાદવ ફૂડ ઝોન, ઉમિયાજી શોપિંગ સેન્ટર, અંબિકા ફરસાણ, રસિકભાઈ ચેવડાવાળા, (૧૬)કૈલાશ ફરસાણ, સીતારામ ટી સ્ટોલ, પટેલ કોલ્ડ્રિંક્સ, શ્રી નાથજી ડેરી ફાર્મ, ગાંધી સોડા શોપની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

વાન સાથે ૪૦ ફૂટ રોડ, ઓમનગર વિસ્તારમાં ચકાસણી તથા અવેરનેસ હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૨૦ પેઢીની

(અનુ.પાના નં.૪ ઉપર)

# આજે પાન અને આધારના લીંકઅપનો છેલ્લો દિવસ

### આવતીકાલથી આ લીંકઅપ નહી હોય તેને દંડની પણ જોગવાઈ

નવી દિલ્હીઃ લાંબા સમય બાદ ફરી એક વખત પાન અને આધાર નંબર ને લીંકઅપ કરવા માટેનું ડેડલાઈન આવતા હવે આજે રાત્રી સુધીમાં આ કામગીરી નહી કરનાર પર રૂ.૫૦૦નો દંડ લાગશે. જૂન મહિનામાં સરકારે અગાઉ ત્રણ વખત પાન અને આધારની લીંકઅપ કરવાની ડેડલાઈન વધારી હતી અને હવે આ ડેડલાઈનમાં વધારો કરે તેવી શકયતા નિશ્ચિત છે અને તેથી આવતીકાલથી પાન અને આધાર વચ્ચે લીંકઅપ નહી હોય તો તેમાં દંડની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્રના સીધા કરવેરા બોર્ડ દ્વારા ૧૯ માર્ચ ૨૦૨૨ના એક સરક્યુલર દ્વારા ૩૦ જૂન ૨૦૨૨ને ડેડલાઈન ગણવામાં આવી હતી.

**જોઇએ છે**

હરી ૐ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વૈભવ કુમાર છાત્રાલયમાં ગૃહપતિ, ચોકિદાર, રસોયાની ફિકસ પગારના ધોરણે ભરતી કરવાની છે. તો દિવસ પંદરમાં આપને નીચેના સરનામે અરજી કરવી.

મુ. ઢોકળવા તા. ચોટીલા જિ.સુરેન્દ્રનગર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
**સૌરાષ્ટ્ર ક્રાંતી**
સાંધ્ય દૈનિક

**જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો**

**ફક્ત રૂા.૬૦માં**
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# ઓગષ્ટથી ખાસ મતદાર સુધારણા કાર્યક્રમનો પ્રારંભ




### ૧ ઓકટોબરના ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનો મતાધિકાર પ્રાપ્ત કરી શકશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા. ૩૦


ભારતના ચૂંટણી પંચ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે તેવા ગુજરાત રાજ્ય માટે મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા કરાવવા અને નામ કમી કરવા માટેનો ખાસ મતદાર સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અન્વયે તા.૧લી ઓકટોબર, ૨૦૨૨ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરી રહ્યા હોય તેવા યુવાનો મતદાર તરીકે નોંધણી કરાવી આગામી વિધાનસભા ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.

મતદારયાદીને અંતિમ કરવા માટે ૧લી ઓકટોબર, ૨૦૨૨ની લાયકાતની તારીખને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા ખાસ મતદાર સુધારણા કાર્યક્રમ પૂર્વેની પ્રવૃત્તિઓ અને ફોટા સાથેની મતદારયાદીને અંતિમ કરવા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જે અન્વયે ખાસ મતદાર સુધારણા કાર્યક્રમ પૂર્વેની પ્રવૃત્તિઓના ભાગરૂપે તા.૩૧-૭-૨૦૨૨ સુધીમાં મતદાન મથકોની ભૌતિક ચકાસણી અને મતદાન મથકોની

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટઃ એડવોકેટ પર હુમલો કરનારનો કેસ ન લડવા બાર એસો.નો ઠરાવ





### જીગ્નેશ અને બિરેનનો લોખંડના પાઇપથી હુમલો, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

બિલ્ખા પ્લાઝા એસો.ના પ્રમુખ મુકેશ ઠક્કર પર બે શખ્સોએ હુમલો કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. વધુ વિગત જોતા એડવોકેટ મુકેશ ઠક્કરે ગંદકી અને ફાયર એનઓસી મુદ્દે સોનમ હોટલના સંચાલક જીગ્નેશ ધ્રુવ અને બિરેન ધ્રુવને કહેતા તેઓ ઉશ્કેરાયા અને હીચકારો હુમલો કર્યો હતો. મુકેશ ઠક્કરને ઇજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આરોપીઓએ હુમલો કરી વકીલને જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલ.

સમગ્ર વકીલ આલમમાં આ હુમલાને વખોડી કાઢવામાં આવ્યો હતો અને હુમલો કરનારનો કેસ કોઇને ન લડવા બાર એસોસિએશનમાં તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો દ્વારા ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. હાલમાં ફરિયાદની તજવીજ હાથ ધરાઇ છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.